*હે મધુર માતાજી ! હું આપને નમસ્કાર કરું છું. મારી અંદર આપ હંમેશ તેમ જ સદાકાળ હાજર રહો.*

**હા, હું હંમેશા તમારી સાથે જ છું. પરંતુ તમારે મને સાદ કરવાનું કદાપિ ભૂલવાનું નથી. કારણ કે સાદ કરવાથી જ મારી સંનિધિ અસરકારક બને છે.**

***શ્રી માતાજી***

# અર્પણ

**(આધ્યાત્મિક વિકાસ, એ જ આપણા પૃથ્વી પરના જીવનનો ખરો હેતુ છે)**

## અખિલ ભારત પત્રિકા

**શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા.**

**જૂન - ૨૦૦૯ વર્ષ : ૩૩ અંક : ૦૯ સળંગ અંક ૩૯૫**

# અનુક્રમ


'તો ય હે આત્મ, દૂરે છે હજી આનંદની ઘડી !' ૩

આપણું તત્કાલીન ધ્યેય ૫

'ભૂતકાળના યુગો આ એક ક્ષણ માટે હતા જીવ્યા :' ૯

આપણું ધ્યેય ૧૦

વૈશ્વિક અસ્તિત્વનો મુખ્ય સિદ્ધાંત ૧૪

સમયની શાશ્વતીમાં શું બની રહ્યું છે? ૧૮

સુવર્ણપ્રભા (કાવ્ય) ૨૩

માનવજાતની દિવ્ય પરિપૂર્ણતા ૨૪

સત્‌તા ધારણ કરવી ૨૯

❀

**ગીતા નિબંધો** ૩૪

આર્ય યોદ્ધાનો ધર્મ

❀

વૃત્ત વિશેષ ૩૯





JUNE 09 Kailash Computer
2nd Proof 17-5-09
Final + 18-5-09


# તો ય હે આત્મ, દૂરે છે હજી આનંદની ઘડી !

'O Soul, it is too early to rejoice.'

જ્યારે માણસ પોતાના આત્માને શોધી કાઢવા માટે જરૂરી પ્રયત્ન કરે છે, તેની સાથે એકતા પ્રાપ્ત કરી તેને પોતાના જીવનનું નિયમન કરવા દેવા પ્રયત્ન કરે છે, ત્યારે ઘણીવાર તે એક અદ્‌ભુત, મનોહર શોધ બની રહેતી હોય છે, જેને પરિણામે પ્રથમ વૃત્તિ માણસને પોતાની જાતને એવું કહેવાની થતી હોય છે કે મારે જે જોઈતું હતું તે હવે મને જડી ગયું, મને અનંત આનંદ પ્રાપ્ત થયો ! પછી તે માણસ બીજા કશાની પરવા કરતો હોતો નથી.

હકીકતમાં, જેમણે આ શોધ કરી છે તે બધાને આવી લાગણી પેદા થઈ છે. કેટલાક લોકોએ તો આ અનુભૂતિને સાક્ષાત્કારના એક સિદ્ધાંત તરીકે સ્થાપિત કરી છે અને કહ્યું છે કે જ્યારે તમે આ વસ્તુ સિદ્ધ કરો છો, ત્યારે બધું જ કાર્ય પતી જતું હોય છે : હવે કાંઈ કરવાનું બાકી રહ્યું નથી; તમે લક્ષ્યને પ્રાપ્ત કરી લીધું છે; માર્ગનો અંત આવી ગયો છે.

સાચે જ તેથી આગળ જવા માટે બહુ જ હિંમતની જરૂર છે. આ શોધી કઢાયેલો આત્મા એક શોધવીર આત્મા હોવો જોઈએ, જે પોતે પ્રાપ્ત કરેલા આંતર આનંદથી સંતોષ માની લેતો નથી, જે બીજા દુઃખી જીવોને આશ્વાસન આપવામાં જ રાચતો નથી, પોતાની જાતને એમ કહેતો નથી કે મોડા વહેલા તે બધા લોકો આ સ્થિતિને પ્રાપ્ત કરશે, તેમણે મારી પેઠે પ્રયત્ન કરવો જોઈએ. વધારેમાં વધારે તે લોકો, મહાન કરુણા અને કલ્યાણકારિતા વડે બીજાઓને તે સ્થિતિ પ્રાપ્ત કરવામાં મદદ કરતા હોય છે. જ્યારે દરેક જણ તે સ્થિતિને પ્રાપ્ત કરશે, ત્યારે જગતનો અંત આવી જશે, અને જે લોકોને દુઃખ ગમતું હોતું નથી તેમને માટે તે બહુ સારી વાત હશે !

પણ અહીં 'પણ' છે, જ્યારે પરમાત્માએ આ પ્રગટીકરણ કર્યું, ત્યારે તેમનો આશય આ હતો તે વાતની તમને ખાતરી છે ?

(મૌન)

જો આખરી અંત આ જ હોય, તો સમગ્ર સૃષ્ટિ, સમગ્ર વૈશ્વિક આવિર્ભાવ એક ક્રૂર મશ્કરી ભાસે. જો સૃષ્ટિમાંથી છેવટે ભાગી જ જવાનું હોય, તો તેનું સર્જન જ શા માટે ? જો છેવટે સૃષ્ટિ આપણને તેમાંથી છટકી

જવાનું જ શિખવાડવા માટે થઈ હોય, તો આટલું બધું દુઃખ શા માટે, આટલો બધો સંઘર્ષ શા માટે, સૃષ્ટિનો બાહ્ય દેખાવ આટલો બધો કરુણ અને નાટકીય શા માટે ? તો તો પછી સૃષ્ટિ કરવામાં જ ન આવી હોત, તો વધારે સારું થાત.

પણ જો માણસ વસ્તુઓના ઊંડાણમાં જાય, જો અહંતાને પૂરેપૂરી ફગાવી દઈને, પરિપૂર્ણ રીતે, નિઃસ્વાર્થ રીતે, કશું પણ બાકાત રાખ્યા સિવાય, આત્મ-સમર્પણ કરે, તો તે ભગવાનની યોજનાને સમજવા માટે શક્તિમાન બને, ત્યારે તેને ખબર પડે કે આ સૃષ્ટિ એક ક્રૂર મશ્કરી નથી, થોડાક પ્રહારો ખમીને તમારે આરંભ બિંદુ પ્રત્યે વાંકે માર્ગે પાછા ફરવાનું નથી. તેથી ઊલટું, સમગ્ર સૃષ્ટિને અસ્તિત્વનો આનંદ માણતાં સૃષ્ટિએ શીખવાનું છે, સૃષ્ટિની સુંદરતા, મહત્તા, ઉદાત્ત જીવનની ભવ્યતા, તે આનંદ, સૌન્દર્ય, મહત્તાની સતત પ્રગતિ અને વૃદ્ધિ શીખવાડવાનાં છે. પછી દરેક વસ્તુ અર્થવાળી બની જાય છે, પછી માણસને સંઘર્ષ કર્યાનો અને દુઃખ ભોગવ્યાનો પશ્ચાત્તાપ થતો નથી. પછી તેને દિવ્ય લક્ષ્ય સિદ્ધ કરવા માટે ઉત્સાહ જ બાકી રહે છે, પછી તે લક્ષ્યની અને વિજયની ખાતરીપૂર્વક સાક્ષાત્કાર માટે ઊંધું ઘાલીને ઝંપલાવે છે.

પણ તે જાણવા માટે માણસે અહંતાને દૂર કરવી જોઈએ, તેણે સ્વાર્થી વ્યક્તિ મટી જવું જોઈએ, પરમ ઉદ્‌ગમસ્થાનથી ભિન્ન વ્યક્તિ મટી જવું જોઈએ. અહંતાને દૂર કરવા માટે તે કરવું જોઈએ. તે એક જ માર્ગ છે, જેના વડે માણસ પોતાના સાચા લક્ષ્યને જાણી શકે !

ઉપરનું વસ્ત્ર હોય તેમ અહંતાને ફગાવી દેવી જોઈએ.

જે પ્રયાસો કરવાના છે, તેમને યોગ્ય જ મહાન પરિણામ પ્રાપ્ત થાય છે, પછી માર્ગ ઉપર તે માણસ એકલો નથી હોતો, જો તેનામાં વિશ્વાસ હશે, તો ભગવાન તેને મદદ કરશે જ.

**શ્રી માતાજી**

(શ્રી માતૃવાણી ગ્રંથ - ૯ પૃ. ૩૯૦ - ૯૧)



JUNE 09 Kailash Computer
2nd Proof 17-5-09
Final + 18-5-09

# આપણું તત્કાલીન ધ્યેય

સામાન્ય રીતે માણસ જે જીવે છે એ એનું જંતુ શું જીવન જુઓ. એ છે અર્ધો બંધાયેલો અને અર્ધો લોચા જેવો એવો એક જથ્થો; એ છે વિચારો, સમજણો, સંવેદનો, ઊર્મિઓ, ઇચ્છાઓ, ઉપભોગો અને કાર્યોનો, બહુ જ ઓછો નિયંત્રિત એવો ઢગલો; અને પાછાં એ સર્વે છે મોટે ભાગે તો એક રૂઢિ જેવાં અને યંત્રવત્ અને થોડેક જ અંશે પોતાની સ્વતંત્ર ગતિવાળાં અને પ્રગતિશીલ; અને છેક છેવટે તો એ બધાં ય છે એક ઉપરછલ્લા અહમ્‌ની આજુબાજુ પથરાએલાં. આ બધાં જે હિલચાલ કર્યા કરે છે એનો સરવાળો એટલે એક આંતરિક વિકાસ કે જે થોડે અંશે આ જન્મમાં જ જોઈ શકાય છે, અને કામ પણ લાગે છે, અને જે થોડે અંશે આવતા જન્મોમાં કરવાની પ્રગતિનાં બીજ તરીકે રોપાઈ જાય છે. આપણી સજાગ જાતનો આ વિકાસ, આ વિસ્તાર, આ અભિવ્યક્તિ, તેનાં અંગોનો પરસ્પર મેળમાં વધતો રહેતો વિકાસ એ જ છે માનવજીવનનો પૂરો અર્થ, સંપૂર્ણ સાર. વિચારો, સંકલ્પશક્તિ, ભાવનાઓ, ઇચ્છાઓ, કાર્યો, અનુભવો એ બધાં દ્વારા ચેતનાનો આ અર્થપૂર્ણ વિકાસ સાધવા માટે, અને છેવટે પરમ, દિવ્ય જાતને શોધી કાઢવા માટે તો માણસે, માનસિક વ્યક્તિએ, આ પાર્થિવ ખોળિયામાં પ્રવેશ કર્યો છે. એ સિવાયનું અન્ય સર્વ કાં તો સહાયક કે ગૌણ છે, અથવા આકસ્મિક કે અર્થહીન છે; અર્થ માત્ર એટલાનો જ છે કે જે એની પ્રકૃતિને ઉત્ક્રાંત થવામાં અને એની જાત અને એના આત્માના વિકાસમાં, અથવા તો વધારે સાચી રીતે, તેમનાં ક્રમિક આવિષ્કરણ અને શોધમાં, ધારણા અને સહાય આપે છે.

આ લોકના આપણા જીવનનો જે આ પરમ હેતુ તેને ઉતાવળે સિદ્ધ કરવો એ જ તો છે પૂર્ણયોગનું ધ્યેય. ઉત્ક્રાંતિ દ્વારા ધીમો અને ગોટાળિયો વિકાસ કરવાની પ્રકૃતિની જે પદ્ધતિ છે તેને પૂર્ણયોગ કોરાણે મૂકે છે. કારણ કે કુદરતી ઉત્ક્રાંતિ દ્વારા જે સારામાં સારું કાર્ય થાય છે તે પણ એક અનિશ્ચિત, અને તે પણ પડદા પાછળ થતો વિકાસ હોય છે; અને આવો વિકાસ પણ થતો હોય છે કેટલેક અંશે સંજોગોના દબાણને લીધે તો કેટલેક અંશે ફાંફાંભરી કેળવણી દ્વારા, હેતુના ખોટા ભાનવાળા પ્રયત્નોને પરિણામે, તો વળી મળતી તકોનો અર્ધ-જાગૃત અને અર્ધ-યંત્રવત્ ઉપયોગ કરીને, અને તેમાં પણ ભૂલો અને સ્ખલનો ઉપર સ્ખલનો કરીને. વળી તેનો ઘણો મોટો

ભાગ અકસ્માતો, સંજોગો અને અણધાર્યાં પરિવર્તનોને પરિણામે થતો જણાય છે, – અલબત્ત, આ બધાં આવરણો હોય છે, અને તે તેમની પાછળ પ્રભુના છૂપા હાથને, છૂપા માર્ગદર્શનને સંતાડતાં હોય છે. આવી આ કઢંગી, અષ્ટાવક્રી જંતુ જેવી ગતિને બદલે યોગમાં એક વેગવાળી જાગ્રત અને અંતરમાંથી ઊગતી ઉત્ક્રાંતિનો આશરો લેવામાં આવે છે; એ આવી રીતે યોજવામાં આવે છે કે જેથી આપણો માર્ગ સીધો જ આપણને આપણા ધ્યેય તરફ, શક્ય તેટલે અંશે એક સીધી રેખામાં, દોરી જાય.

એક રીતે તો, અહીં કોઈ ધ્યેયની વાત કરવી એ એક ભૂલ જ ગણાય. કારણકે અહીં તો અંત વિના પ્રગતિ કર્યે જ જવાની છે. છતાં આપણે એક એવા તાત્કાલિક ધ્યેયનો ખ્યાલ કરી શકીએ કે જે આપણા અત્યારના વિકાસની સામેની બાજુએ હોય અને જેને માટે માનવઆત્મા અભીપ્સા કરી શકે તેમ હોય. એક નૂતન જન્મને માટેની સંભાવના તેની સામે ખડી છે જ; એક એવી ઉચ્ચ અને વિશાળ ચેતના મોજૂદ છે જ કે જ્યાં તે આરોહણ કરી શકે અને જે ચેતના પોતે નીચે ઊતરી આવીને આ માનવના ઘટકોનું રૂપાંતર કરી શકે. એક એવી અતિ વિશાળ અને પ્રકાશમય ચેતના, કે જે તેને મુક્તાત્મા અને સંપૂર્ણ શક્તિશાળી બનાવી શકે તેની સંભાવના, છે જ; અને જો તેને માત્ર વ્યક્તિઓમાં જ પૂરી રાખવામાં ના આવે તો એક દિવ્ય માનવજાતિની, એક નવી અતિમાનસિક જાતિની, એટલે કે અતિમાનવજાતિની રચના પણ શક્ય છે જ. આ જાતનો નૂતન જન્મ એને જ તો પૂર્ણયોગમાં ધ્યેય તરીકે સ્વીકારવામાં આવ્યો છે; પૂર્ણયોગનો અર્થ છે દિવ્ય ચેતનામાં વિકાસ, દિવ્ય ચેતનામાં માત્ર આત્માનું જ નહિ પણ આપણી પ્રકૃતિના દરેકે દરેક અંગનું, પરિવર્તન.


**શ્રી અરવિન્દ**

(યોગ માર્ગોનો સમન્વય – ગ્રંથ-૧ પૃ. ૧૦૨ થી ૧૦૪)



JUNE 09 Kailash Computer
2nd Proof 17-5-09
Final + 18-5-09

**શ્રી અરવિન્દ**


Sri Aurobindo

### For This One Moment Lived the Ages Past

## Krishna

At last I find a meaning of soul's birth
Into this universe terrible and sweet,
I who have felt the hungry heart of earth
Aspiring beyond heaven to Krishna's feet.

I have seen the beauty of immortal eyes,
And heard the passion of the Lover's flute,
And known a deathless ecstasy's surprise
And sorrow in my heart for ever mute.

Nearer and nearer now the music draws,
Life shudders with a strange felicity;
All Nature is a wide enamoured pause
Hoping her lord to touch, to clasp, to be.

For this one moment lived the ages past;
The world now throbs fulfilled in me at last.

**Sri Aurobindo**



JUNE 09 Kailash Computer
2nd Proof 17-5-09
Final + 18-5-09

### ભૂતકાળના યુગો આ એક ક્ષણ માટે હતા જીવ્યા :

## કૃષ્ણ

આ ભીષણ ને મધુર જગતમાં જન્મ જીવતણો,
શા માટે થયો' તો, તેનો મર્મ મને આખરે છે લાધ્યો,
પૃથ્વીના ક્ષુધિત હૃદયનો મને અનુભવ થયો,
કૃષ્ણના ચરણ માટે સ્વર્ગ પાર ઝંખતું' તું જેહ.

અમર લોચનોતણી સુન્દરતા મેં પ્રત્યક્ષ કીધી.
પરમપ્રેમીની બંસરીના સુણ્યા સૂર ભાવાવેશી,
જાણી છે મેં મૃત્યુહીન મહામુદા ઓચિંતી રેલાતી,
ને સદાને માટે મૂક હૈયે મારે દુઃખશોક થયા.

સમીપતર સમીપતર હવે આવે છે સંગીત,
અદ્‌ભુત મહાસુખે પ્રકંપમાન થઈ ઊઠે પ્રાણ;
વિશાળ વિમુગ્ધ સ્તબ્ધતા ધરતી પ્રકૃતિ સમસ્ત,
આશા રાખે, નિજ નાથ સ્પર્શશે, આલિંગશે ને કરશે સરૂપ.

ભૂતકાળના યુગો આ એક ક્ષણ માટે હતા જીવ્યા :
અંતે મારામાં પૂર્ણતા પામી વિશ્વ હવે રહ્યું સ્પંદી.

**- અનુ. શ્રી પૂજાલાલ**

# આપણું ધ્યેય

### સર્જન શું છે ?

વિશ્વમાં રહેલું પરમ સત્ તત્ત્વ પોતે જે કાંઈ ક્રિયા કરે છે તથા સર્જન કરે છે તે પોતાના સભાન સ્વરૂપની શક્તિ વડે તથા પોતાના વિશુદ્ધ આનંદમાંથી કરતું હોય છે. આ સત્ તત્ત્વ એ જ આપણું વાસ્તવિક સ્વરૂપ છે. આપણા સર્વ ગુણો અને ભાવો એનાં જ બનેલાં છે; આપણાં સર્વ કર્મો, આપણો વિકાસ અને આપણાં સર્જનો એ સર્વનું કારણ, લક્ષ્ય અને ધ્યેય તે આ પરમ સત્ તત્ત્વ જ છે.

જેવી રીતે કવિ, કળાકાર કે સંગીતકાર સર્જન કરતો હોય છે ત્યારે તે પોતાના અવ્યક્ત રૂપમાં જે કાંઈ ગૂઢ શક્તિ પડેલી હોય છે તેને જ વિકસાવીને આવિર્ભાવનું એક રૂપ આપતો હોય છે; અને વળી જેવી રીતે ચિંતક પુરુષ, રાજપુરુષ, યંત્રવિદ પોતાનામાં જે વસ્તુઓ ગુપ્ત રૂપે રહેલી હોય છે તેને જ માત્ર વસ્તુના આકાર રૂપે બહાર લઈ આવતા હોય છે, અને એમાં એ વસ્તુઓ તે તેમનું પોતાનું જ રૂપ હતું અને એ વસ્તુઓ આકાર રૂપે ઢળાયા પછી તેમનું જ એક રૂપ રહેતી હોય છે. એવી જ સ્થિતિ જગત અને પરમ શાશ્વત પરમાત્મા વચ્ચે રહેલી છે.

આ અખિલ સૃષ્ટિ અથવા તો આ વિશ્વરૂપ આવિર્ભાવ તે પરમાત્માનો આ રીતનો સ્વ-આવિર્ભાવ જ છે. બીજમાં જે વસ્તુ પહેલેથી હોય છે એ જ વસ્તુ બીજમાંથી આવિર્ભાવ પામે છે. એ વસ્તુ સત્ રૂપે પહેલેથી જ રહેલી હોય છે, આવિર્ભાવ પામવા માટેનો સંકલ્પ તેનામાં પહેલેથી જ નિર્માણ થઈ ચૂકેલો હોય છે. એ આવિર્ભાવના આનંદમાં એ વસ્તુ પહેલેથી જ ગોઠવાયેલી હોય છે.

મૂળ રસદ્રવ્ય (plasm) છે તેણે, તેનામાંથી જે દેહ ભાવિમાં બંધાવાનો છે તેને પહેલેથી જ પોતાનાં સત્ તત્ત્વની શક્તિ દ્વારા પોતામાં ધારણ કરી રાખેલો હોય છે. કેમકે, વિશ્વમાં પેલી જે એક ગુપ્ત, તત્ત્વસભર આત્મ-જ્ઞ શક્તિ રહેલી છે તે, તેનું પોતાનું જે એક રૂપ તેને આપવામાં આવેલું હોય છે તે રૂપને આવિર્ભાવ આપવાની તેનામાં રહેલી અદમ્ય વૃત્તિ



JUNE 09 Kailash Computer
2nd Proof 17-5-09
Final + 18-5-09

દ્વારા જ કાર્ય કરતી રહેતી હોય છે. આવી અદ્વૈતમય સ્થિતિમાં દ્વૈતનું ભાન વ્યક્તિની અંદર જ માત્ર જાગે છે.

વ્યક્તિ પોતે પોતાની અંદરથી જ સર્જન કરતી હોય છે અને વિકાસ પામતી હોય છે, પણ તે એવો ભેદ પાડી લે છે કે તે પોતે, પોતાની અંદર કાર્ય કરતી શક્તિ અને જે સામગ્રી ઉપર પોતે કાર્ય કરે છે તે સામગ્રી એ બધાં અલગ અલગ છે. વાસ્તવિક રીતે તો વ્યક્તિ પોતે જ પેલી શક્તિ છે. એણે પોતાના કરણ તરીકે જે વ્યક્તિરૂપ બનેલી ચેતના ધારણ કરી છે તે પણ તે પોતે જ છે, પોતે જે સામગ્રી વાપરે છે તે પણ તે પોતે જ છે, અને એમાંથી જે પરિણામ આવે છે તે પણ તે પોતે જ છે.

બીજા શબ્દોમાં કહીએ તો, વિશ્વમાં એક જ સત્ તત્ત્વ છે, એક જ શક્તિ છે, એક જ સત્ રૂપનો આનંદ છે, અને તે જુદાં જુદાં બિંદુએ પોતાની જાતને એકાગ્ર કરે છે, દરેક બિંદુને વિશે તે કહે છે કે 'આ હું છું' અને પોતે રૂપો ધારણ કરવાની વિવિધ લીલાને માટે પોતાની સ્વ-શક્તિની વિવિધ લીલા દ્વારા એ બિંદુમાં કામ કરે છે.

### એ શું ઝંખે છે ?

આ સત્ તત્ત્વ પોતે જે કંઈ ઉત્પન્ન કરે છે તે તે પોતે જ છે. તેનાથી એ વસ્તુ ભિન્ન હોઈ શકતી જ નથી. આ રીતે, આ સત્ તત્ત્વ તેનું પોતાનું જે સત્ રૂપ છે, તેની પોતાની જે ચૈતન્યની ચિત્ શક્તિ છે, પોતાના સ્વરૂપનો જે આનંદ છે તેની જ એક લીલાનું, તેના જ એક છંદનું, વિકાસનું નિર્માણ કરી રહેલું છે. એટલે પછી, જગતમાં જે જે વસ્તુ અસ્તિત્વમાં આવતી હોય છે તે માત્ર એક જ વસ્તુ માટે પ્રયત્ન કરતી હોય છે-એને અસ્તિત્વમાં રહેવું હોય છે. પોતાના નિર્ધારિત રૂપમાં પહોંચવું હોય છે. એ રૂપમાં પોતાના અસ્તિત્વનો વિસ્તાર કરવો હોય છે, તેનામાં જે ચેતના અને શક્તિ રહેલી છે તેને તેણે અનંત રીતે વિકસાવવી હોય છે, આવિર્ભાવ આપવો હોય છે, વૃદ્ધિ આપવી હોય છે, સિદ્ધ કરવી હોય છે. જગતમાં પ્રત્યેક વસ્તુ પોતે આવિર્ભાવમાં આવવાનો આનંદ માણવા માગતી હોય છે, પોતે ધારણ કરેલા રૂપનો આનંદ, ચેતનાના આંદોલનનો આનંદ, શક્તિની લીલાનો આનંદ ઝંખતી હોય છે, અને એ આનંદની વૃદ્ધિ અને પૂર્ણતા તે જે કોઈ સાધન વડે સાધી શકાય,જે કોઈ દિશામાં સાધી શકાય, એના પોતાના ઊંડામાં ઊંડા તત્ત્વમાં સક્રિય રહેલા પરમ સત્ દ્વારા. પરમ ચિત્-શક્તિ દ્વારા

તથા પરમ આનંદ દ્વારા એને તેના પોતાના વિશે જે કાંઈ વિચાર સૂચિત કરવામાં આવે તે વિચાર દ્વારા સાધી શકાય તેમ હોય તે રીતે તે સિદ્ધ કરવા મથતી રહે છે.

**ધ્યેય શું છે ?**

અને જગતના પદાર્થો જો કોઈ લક્ષ્ય તરફ, કોઈ પૂર્ણતા તરફ ગતિ કરી રહ્યા હોય તો તે માત્ર એક જ રીતની પૂર્ણતા હોઈ શકે છે-વ્યક્તિની અંદર તેમ જ વ્યક્તિઓની બનેલી સમષ્ટિની અંદર-પ્રત્યેક પદાર્થ પોતાના અસ્તિત્વની પૂર્ણતા સાધે, પોતાની શક્તિ અને ચેતનાની, પોતાના અસ્તિત્વના આનંદની પૂર્ણતા સાધે. પરંતુ આવી પૂર્ણતા વ્યક્તિરૂપ બનેલી ચેતનામાં સિદ્ધ થવી શક્ય નથી, કેમકે, આ વ્યક્તિરૂપ ચેતના તેણે પોતે વ્યક્તિ તરીકેનું રૂપ ધારણ કરતાં એ રૂપની મર્યાદાઓમાં જ એકાગ્ર બનેલી હોય છે. જગતમાં સાન્ત પદાર્થ પોતાને વિશેની જે રીતે કલ્પના નિપજાવે છે તે કલ્પના મુજબ તે સાન્ત પદર્થ પોતે પરમ પૂર્ણતા પ્રાપ્ત કરે એ સંભવી શકે તેમ નથી. એટલે જગતની અંદર તો માત્ર એક જ અંતિમ લક્ષ્ય હોઈ શકે તેમ છે. અને તે એ કે જગતમાં સર્જાયેલી વ્યક્તિમાં અનંતરૂપ ચેતના પાછી બહાર આવિર્ભાવ પામે, એટલે કે વ્યક્તિ આત્મ-જ્ઞાન દ્વારા તથા આત્મ-સાક્ષાત્કાર દ્વારા પોતાના સ્વરૂપના સત્યને પ્રાપ્ત કરી લે, અર્થાત્ વિશ્વના પરમ સત્ રૂપમાં જે અનંતતા રહેલી છે, ચેતનામાં જે અનંતતા રહેલી છે, આનંદમાં જે અનંતતા રહેલી છે એ જ પોતાનું પરમ સ્વરૂપ છે, એ જ પોતાની પરમ વાસ્તવિકતા છે એવું જ્ઞાન વ્યક્તિને થાય અને એ આખી અનંતતા વ્યક્તિને પુનઃ પ્રાપ્ત થઈ જાય એ જ તેને માટેનું અંતિમ લક્ષ્ય હોઈ શકે છે. આ જે શાન્તપણું છે એ તો પેલી અનંતતાએ પોતાની વિવિધ રીતની અભિવ્યક્તિને માટે ધારણ કરેલો એક બુરખો જ છે, એ માટેનું એક કરણ જ છે.

**વિશ્વની સમસ્યાની ચાવી**

સચ્ચિદાનંદ પરમાત્મા અવકાશ અને કાળની અંદર પોતાની જાતને વિસ્તારીને બેઠેલા છે, અને એ વિસ્તારમાં તેમણે આ વિશ્વની લીલાને ગોઠવી છે, અને આ લીલાનું સ્વરૂપ જોતાં આપણે પ્રથમ તો એમ કલ્પવાનું રહે છે કે પ્રભુનું સચેતન સત્ સ્વરૂપ તિરોભાવ ધારણ કરતું કરતું નીચે આવ્યું છે અને પદાર્થતત્ત્વની ઘનતામાં તથા તેની અનંતવિધ ભેદકતામાં પોતાની જાતને



JUNE 09 Kailash Computer
2nd Proof 17-5-09
Final + 18-5-09

તેણે લીન કરી દીધેલી છે. આમ જો ન બન્યું હોય તો પછી જગતમાં શાન્ત પદાર્થોની વિવિધતા સંભવી શકતી નથી. અને આ તિરોભાવ-નિમજ્જનની ક્રિયાની પછી પેલી જાતે કરીને કેદ બનેલી શક્તિના ઉન્મજ્જનની ક્રિયા કલ્પવાની રહે છે. આ પોતાની મેળે નિમજ્જિત બનેલી શક્તિ એક આકારવાળું સ્વરૂપ બનીને બહાર આવે છે, તે એક સજીવન સ્વરૂપ, ચિંતનશીલ સ્વરૂપ બને છે. અને આખરે જતાં આ દેહધારી ચિંતનશીલ સ્વરૂપ પોતાની જાતનો એક મુક્ત ભાવે પૂર્ણ સાક્ષાત્કાર પ્રાપ્ત કરે છે. એ સાક્ષાત્કારમાં તે પોતાની જાતને જગતમાં રમી રહેલા અનન્ય અને અનંત પ્રભુ રૂપે અનુભવે છે. આવી રીતની મુક્તિ પ્રાપ્ત થતાં તેને અસીમ એવા સત્-ચિત્-આનંદની પ્રાપ્તિ પાછી બની આવે છે. અને સાચું કહીએ તો અત્યારે પણ આ દેહધારી સ્વરૂપ ગુપ્ત રીતે, વાસ્તવિક રીતે તથા શાશ્વત રીતે આ સત્-ચિત્-આનંદ રૂપ જ છે. આમ આ જે નિમજ્જન, ઉન્મજ્જન અને મોક્ષની ત્રિવિધ ગતિ છે તેમાં જ આ વિશ્વની સમસ્યાની સારીયે ચાવી રહેલી છે.

**શ્રી અરવિન્દ**

(દિવ્ય જીવન, ગ્રંથ-૧ પૃ. ૧૪૯ થી ૧૫૨)

❀❀❀

***A divine life in a divine body is the formula of the ideal that we envisage.***

***Sri Aurobindo***

# વૈશ્વિક અસ્તિત્વનો મુખ્ય સિદ્ધાંત

‘‘આધ્યાત્મિક ઉત્ક્રાન્તિ, પદાર્થતત્ત્વમાં સતત વિકસતા આત્મનિર્માણમાં ચેતનાની ઉત્ક્રાન્તિ અને તે પણ અંદર રહેલા આત્માને રૂપ પ્રગટ કરી શકે ત્યાં સુધીની ઉત્ક્રાન્તિ, પાર્થિવ અસ્તિત્વની ચાવી છે, કેન્દ્રસ્થ, મહત્ત્વનો હેતુ છે. પ્રારંભમાં આત્માની પરમ વાસ્તવિકતાની ગાઢ ભૌતિક અચેતનતામાં અવક્રાન્તિ વડે એ અર્થવત્તા નિગૂઢ રહેલી છે. પદાર્થતત્ત્વની અચેતનતાનું આવરણ વૈશ્વિક ચૈતન્ય આચ્છાદિત કરે છે, જે ચૈતન્ય શક્તિ તેનામાં રહીને કાર્ય કરી રહેલી છે, જેથી ભૌતિક વિશ્વમાં સર્જનની શક્તિરૂપે પ્રગટ થયેલું પ્રથમ રૂપ પોતે પણ અચેતન બની ગયું હોય તેમ ભાસે છે, અને છતાં તે વિશાળ ગૂઢવાદી બુદ્ધિનાં કાર્યો કરતું હોય છે.’’ (દિવ્ય જીવન)

પ્રથમ વાક્યને જ સમજવાની પ્રથમ તો જરૂર છે. તે વૈશ્વિક અસ્તિત્વના મુખ્ય સિદ્ધાંતનું - તત્ત્વનું કથન કરે છે. આપણે આ ગ્રંથના છેલ્લા છ પ્રકરણોનો છેડાનો પ્રારંભ કરીએ છીએ. તે ગ્રંથના પ્રારંભમાં શ્રી અરવિન્દે એક પછી એક આ વિશ્વ અને અસ્તિત્વ શા માટે અને કેવી રીતે તેની સમજૂતી આપી છે. તે વસ્તુઓને છેક છેલ્લી હદ સુધી તે લઈ ગયા છે, જેથી તેમનો અર્થ તે પૂરેપૂરી રીતે સમજાવી શકે. અને અંતમાં તેમણે બતાવ્યું છે કે કઈ બાબતોમાં તે સમજૂતીઓ અપૂર્ણ હતી. અને પછી પોતે તેમનો સાચો ઉકેલ આપ્યો છે. તે બધું આપણે પૂરું કરી ગયાં છીએ એમ માનવાનું છે, તે બધું આપણા વાચનનાં પ્રકરણોની પહેલાંનાં પ્રકરણોમાં આવી ગયું છે. તે બધું વાંચતાં અને સમજાવતાં આપણને દશ વર્ષ લાગ્યાં હોત ! લાભકારક રીતે તે બધું સમજવા માટે, તમને અનેક પ્રકારના જ્ઞાનની અને મહાન બૌદ્ધિક વિકાસની જરૂર પડી હોત. પણ આપણે ત્યાંથી પ્રારંભ કરીએ છીએ કે જ્યાં તેમણે શુદ્ધ બૌદ્ધિક દૃષ્ટિબિંદુથી, અસ્તિત્વનો હેતુ સમજાવ્યો છે. તે તેની રજૂઆત આ રીતે કરે છે. ‘પાર્થિવ અસ્તિત્વનો કેન્દ્રસ્થ, અર્થપૂર્ણ હેતુ’ મને સમગ્ર વિશ્વ સાથે નિસ્બત નથી. તેમણે પાર્થિવ જીવનને અર્થાત્ પૃથ્વી પરના, આપણા જીવનને સમગ્ર વિશ્વના હેતુના પ્રતીકમય અને સઘન પ્રતિનિધિરૂપે લીધું છે. હકીકતમાં ખૂબ પ્રાચીન પરંપરાઓ અનુસાર, ગહનતર, આધ્યાત્મિક દૃષ્ટિબિંદુથી, પૃથ્વી વૈશ્વિક જીવનની એક પ્રતીકમય સઘનતારૂપે સર્જાઈ છે, જેથી રૂપાંતરનું કાર્ય એક મર્યાદિત સઘન અવકાશમાં વધારે સહેલાઈથી સિદ્ધ થઈ શકે. પૃથ્વીમાં બધી સમસ્યાઓ એકત્રિત થઈ છે, અને તેથી તે સઘનતામાં



JUNE 09 Kailash Computer
2nd Proof 17-5-09
Final + 18-5-09

પરિપૂર્ણ અને અસરકારક કાર્ય થઈ શકે. એટલે શ્રી અરવિન્દ અહીં માત્ર પાર્થિવ અસ્તિત્વની વાત કરે છે, પણ આપણે સમજી શકીએ છીએ કે તે એક પ્રતીકમય અસ્તિત્વ છે, અર્થાત્ વૈશ્વિક કાર્યનું પ્રતિનિધિત્વ ધરાવે છે. તે એક પ્રતીકમય, સઘન પ્રતીક છે. શ્રી અરવિન્દ કહે છે કે પાર્થિવ અસ્તિત્વનો કેન્દ્રસ્થ હેતુ સમગ્ર આવિર્ભાવમાં આત્માને જગાડવાનો, વિકસાવવાનો, અને તેનો પરિપૂર્ણ આવિર્ભાવ કરવાનો છે. જે આત્મા પદાર્થતત્ત્વના કેન્દ્રમાં નિગૂઢ છે અને અંદરથી તેને પ્રગતિશીલ વિકાસ પ્રત્યે ધક્કેલી રહ્યો છે, કે જે વિકાસ અંદર રહીને કાર્ય કરી રહેલા આત્માને મુક્ત કરે.

એટલે, આપણે જેમને જોઈએ છીએ તે બાહ્ય દેખાવોમાં, પ્રથમ ખનિજ રાજ્ય નજરે પડે છે. તેમાં પત્થર, માટી, ખનિજ, દ્રવ્યો છે એ આપણી બાહ્ય ચેતનાને તદ્દન અચેતન દેખાય છે, છતાં આ અચેતનતાની પીઠમાં આત્માનું જીવન છે, આત્માની ચેતના છે, જે તદ્દન નિગૂઢ છે, જાણે કે નિદ્રાવસ્થામાં છે. જો કે તે માત્ર દેખાવ જ છે અને જે આત્મા અંદરથી કાર્ય કરે છે, જેથી તે જડ દેખાતા આ પદાર્થતત્ત્વનું ધીમે ધીમે રૂપાંતર કરી શકે, અને તેનું સંગઠન વધારે ને વધારે પ્રમાણમાં ચેતનાનો આવિર્ભાવ કરી શકે. શ્રી અરવિન્દ કહે છે કે આ જડ પદાર્થતત્ત્વનું આવરણ શરૂઆતમાં એટલું બધું પરિપૂર્ણ હોય છે કે ઉપરચોટિયા દૃષ્ટિને તે એવું દેખાય કે તેમાં જીવન કે ચેતના નથી. જ્યારે તમે એક પત્થરને ઉપાડીને તમારી સામાન્ય આંખો અને ચેતના વડે તેને જુઓ છો, ત્યારે તમે કહો છો કે આનામાં જીવન નથી, ચેતના નથી. જે માણસને દેખાવોની પીઠમાં જોતાં આવડતું હોય છે, તેને માટે આ પદાર્થતત્ત્વના તેના કેન્દ્રમાં દરેક કેશાણુંના કેન્દ્રમાં નિગૂઢ પરમ દિવ્ય વાસ્તવિક્તા નજરે પડે છે, જે અંદરથી ધીમે ધીમે યુગો સુધી આ જડ પદાર્થતત્ત્વને તે અંદર રહેલા આત્માને પ્રગટ કરી શકે તેવું અભિવ્યંજક કાંઈક બનાવવા માટે કાર્ય કરી રહી હોય છે, ત્યારે તમને જીવનના ઈતિહાસની પ્રગતિ પ્રાપ્ત થાય છે. તે પત્થરમાંથી એકદમ પ્રાથમિક જીવન પ્રગટે છે, અને સંગઠનની ક્રમિક સ્થિતિઓ દ્વારા એક સંઘટિત પદાર્થ પ્રગટે છે, જે જીવન પ્રગટ કરવા સમર્થ હોય છે, ખનિજ રાજ્ય અને વનસ્પતિ રાજ્યની વચ્ચે પરિવર્તનકારી તત્ત્વો હોય છે. તે ખનિજ પ્રદેશનાં કે વનસ્પતિ પ્રદેશનાં છે તેની ખબર આપણને પડતી હોતી નથી. જ્યારે કોઈ તેનું વિસ્તારપૂર્વક અધ્યયન કરે છે, ત્યારે તેને કેટલીક વિચિત્ર જાતિઓ દેખાય છે કે જે તે બેમાંથી એકકેય પ્રદેશની નથી હોતી. પછી વનસ્પતિ સૃષ્ટિનો વિકાસ આવે છે, જ્યાં સ્વાભાવિક રીતે જ જીવન પ્રગટ થાય છે, કારણ કે છોડમાં વૃદ્ધિ

થતી હોય છે, પરિવર્તન થતું હોય છે, અને જીવનના (પ્રાણના) પ્રથમ દૃશ્ય સાથે વિઘટનનાં ક્ષીણતાનાં દૃશ્યો પણ આવતાં હોય છે, જે પત્થર કરતાં ખૂબ ઝડપથી બનતાં હોય છે. જો પત્થરનું બાહ્ય શક્તિઓના આવેગથી રક્ષણ કરવામાં આવે, તો તે અનિશ્ચિત મુદત સુધી ટકી રહે છે, જ્યારે છોડ વૃદ્ધિના, આરોહણના, ક્ષીણતાના, અને વિઘટનના વળાંકને અનુસરતો હોય છે, પણ તે બધું ખૂબ મર્યાદિત ચેતના સાથે થતું હોય છે, જે લોકોએ વિસ્તારપૂર્વક વનસ્પતિ સૃષ્ટિનું અધ્યયન કર્યું છે, તેઓ બરાબર જાણે છે કે, વનસ્પતિમાં પ્રાણ છે, ચેતના છે, દા. ત. જીવવા માટે છોડને સૂર્ય પ્રકાશની જરૂર રહે છે. સૂર્ય એ સક્રિય શક્તિનો પ્રતિનિધિ છે, જે છોડને ઉગાડે છે, જો તમે છોડને સૂર્યપ્રકાશ વગરની જગ્યાએ રાખો તો તમે જોશો કે તે ઊંચો ને ઊંચો ઉગવા, સૂર્યપ્રકાશને પહોંચવા પ્રયત્ન કરતો હોય છે. દા.ત. કુમાઉ જંગલમાં, જ્યાં માણસની દખલગીરી હોતી નથી ત્યાં. બધા છોડ સૂર્યપ્રકાશને પહોંચવા માટેનો આ સંઘર્ષ કરતા હોય છે તે બહુ રસપ્રદ છે. તમે જો કોઈ પુષ્પના કુંડાને સૂર્યપ્રકાશવિહોણા, ભીંતોવાળા, પ્રાંગણમા મૂકો, તો જે છોડ આટલો જ (અભિનય) ઉગતો હોય છે તે ઊંચો બનવા માટે પ્રયત્ન કરે છે, તે સૂર્યપ્રકાશને પહોંચવા માટે પ્રયત્ન કરતો હોય છે. એટલે છોડમાં ચેતના છે, જીવવા માટેનો સંકલ્પ છે કે જે પ્રગટ થઈ ચૂકયો હોય છે. પછી ધીમે ધીમે, જેમ જેમ જાતિઓ વધારે ને વધારે વિકાસ સાધતી જાય છે તેમ તેમ, તમે એ એવી વચગાળાની સ્થિતિએ પહોંચો છો કે જે તદ્દન છોડ નથી હોતો અને હજી પશુ પણ નથી હોતું. એવી ઘણી જાતિઓ છે જે ખૂબ રસપ્રદ છે. કેટલાક છોડ માંસાહારી હોય છે, તેમનું મુખ ખુલ્લું હોય છે, તેમાં તમે માખ મૂકો અને તેઓ તેને હડપ કરી જાય છે. તે છોડ નથી હોતો, અને પશુ પણ નથી હોતો. આ પ્રકારના ઘણા છોડ હોય છે.

પછી તમે પશુ પ્રત્યે આવો છો. પ્રાથમિક પશુઓનો છોડથી ભેદ પારખવો એ બહુ મુશ્કેલ હોય છે, તેમનામાં ચેતના નહિ જેવી હોય છે, પશુઓમાં પણ ક્રમિક સ્થિતિઓ હોય છે. ઉચ્ચતર પશુઓમાં ચેતના જરૂર દેખાય છે. તેમનામાં તદ્દન સ્વતંત્ર સંકલ્પશક્તિ પણ હોય છે. તેઓ બહુ સચેતન અને બુદ્ધિશાળી હોય છે. દા.ત. હાથી. તમે હાથીઓ તથા તેમની અદ્‌ભુત બુદ્ધિ વિશે અનેક કથાઓ જાણો છો. એટલે ત્યાં મન ખૂબ પ્રમાણમાં દૃષ્ટિગોચર થતું હોય છે. આ પ્રગતિશીલ વિકાસ દ્વારા આપણે ઓચિંતા એક એવી જાતિ પાસે આવી પહોંચીએ છીએ, જે ઘણું કરીને લુપ્ત થઈ ગઈ છે, પણ જેનાં ચિહ્ન જડ્યાં છે. પછી વાનર આવે છે અથવા વાનર જેવું કોઈક



JUNE 09 Kailash Computer
2nd Proof 17-5-09
Final + 18-5-09

પ્રાણી, કે જે બે પગ પર ચાલે છે. ત્યાંથી આપણે માણસ પર આવીએ છીએ. માણસની ઉત્ક્રાન્તિનો પરિપૂર્ણ પ્રારંભ ત્યાં છે. માણસ તેજસ્વી બુદ્ધિ બનાવી શકે છે એમ તો આપણે ન કહી શકીએ, પણ તેનામાં મનનું કાર્ય શરૂ થઈ ગયેલું હોય છે, સ્વતંત્રતાનો પ્રારંભ થઈ ચૂકયો હોય છે, વાતાવરણ પ્રત્યે અને પ્રકૃતિનાં બળો પ્રત્યે તે સ્વતંત્ર પ્રતિકાર્ય કરી શકતો હોય છે. માણસમાં એવી ક્રમિક સ્થિતિઓ છે, જેથી તે આખરે આધ્યાત્મિક જીવન માટે સમર્થ એવો ઉચ્ચતર પ્રાણી બની શકે છે.

શ્રી અરવિન્દ આ પૃષ્ઠ પર આપણને આ વાત કહે છે. હવે તમારે કોઈ પ્રશ્ન પૂછવો છે ?

મધુર માતાજી, શ્રી અરવિન્દ અહીં કહે છે કે ''આ ચેતના બુદ્ધિના પરમ શિખરને પહોંચે છે, અને માનવમાં તે પોતાની જાતને પણ ટપી જાય છે.''

હા, મેં તમને હમણાં તે જ વાત કરી. પોતાની ઉચ્ચતમ અવસ્થામાં માણસ પ્રકૃતિથી લગભગ સ્વતંત્ર બની જાય છે, તદ્દન તો નહિ. 'તદ્દન' માં અતિશયોક્તિ છે, પણ તે તદ્દન સ્વતંત્ર બની જઈ શકે છે. જે માણસે પોતામાં આધ્યાત્મિક ચેતનાનો સાક્ષાત્કાર કર્યો છે, જેણે દિવ્ય ઉદ્‌ગમસ્થાન સાથે સીધો સંબંધ સ્થાપ્યો છે, તે અક્ષરશઃ પ્રકૃતિથી અને તેની શક્તિથી સ્વતંત્ર બની જાય છે.

(વરસાદ પડવા માંડે છે.) આહ, તે આપણાં મનને શીતલ બનાવવા વરસે છે ! (હસાહસ)

તેને શ્રી અરવિન્દ કહે છે 'પોતાની જાતને પણ ટપી જાય છે!' અર્થાત્ સત્, આંતર દિવ્ય ચેતના, પરમ આધ્યાત્મિક વાસ્તવિક્તા પોતાનો વિકાસ કરવાના પ્રયાસમાં..... (વધારે વરસાદ પડે છે.) ઓહ, હવે આપણે વાર્તાલાપ બંધ કરવો પડશે. પોતાની જાતને પ્રગટ કરવાનાં સચેતન સાધનોને વિકસાવવાના તેના પ્રયત્નમાં, તે માણસ પ્રકૃતિની સમગ્ર પ્રક્રિયામાંથી પસાર થયા સિવાય જ તે પરમાત્મા સાથે સીધા સંપર્કમાં આવવા શક્તિમાન બને છે.

**શ્રી માતાજી**

(શ્રી માતૃવાણી ગ્રંથ-૯ પૃષ્ઠ ૧૯૮ થી ૨૦૨)

# સમયની શાશ્વતીમાં શું બની રહ્યું છે ?

પ્રભુ, કયા શબ્દો તારા પ્રતાપની ભવ્યતાને, તારા શાસનના સામર્થ્યને વર્ણવી શકશે ? કયા શબ્દો તારા ચૈતન્યની પૂર્ણતાને, તારા પ્રેમના અસીમ આનંદને વ્યક્ત કરી શકશે ?

કઈ વાણી તારી વાચાતીત શાંતિનું ગાન કરી શકશે ? કઈ વાણી તારા મૌનની ભવ્યતાને, તારા સર્વસમર્થ સત્યના ગૌરવને ગાઈ શકશે ?

આ અખિલ બ્રહ્માંડ પણ તારા પ્રતાપને, તારાં અદ્‌ભુતોને વર્ણવી શકે તેમ નથી, અને છતાં આદિ અનાદિથી, એ જ કાર્ય વધુ ને વધુ પ્રમાણમાં વધુ ને વધુ સારી રીતે કરવા તે સદાકાળ મથી રહ્યું છે.

૩૧ જુલાઈ, ૧૯૧૫

❀

**'આપણી સૃષ્ટિનું કોઈ નિશ્ચિત લક્ષ્ય છે ખરું ? સઘળું વિશ્વ જેના પ્રત્યે ગતિ કરી રહેલું હોય એવું કોઈ અંતિમ ધ્યેય છે ખરું ?'**

ના. વિશ્વ છે પોતાની જાતને અનંત કાળથી પ્રકટ કરી રહેલી એક ગતિ, તેમાં છેવટનું ગણાય એવું કોઈ માત્ર લક્ષ્ય નક્કી કરી શકાય તેમ નથી. પરંતુ કર્મ કરવા પૂરતા આપણે વિશ્વની ગતિના વિભાગ કરવા પડે છે, જો કે ગતિ પોતે તો અનંત જ છે, અને આપણું લક્ષ્ય 'આ' છે કે 'તે' છે એવું આપણે કહેવું પડે છે. કારણ કે કર્મોની અંદર આપણું ધ્યાન સ્થિર કરવા માટે કોઈ નિશ્ચિત બિંદુની, ધ્યેયની આપણને જરૂર રહે છે. કોઈ પણ ચિત્ર કરવા માટે રંગ અને વિભાગોની વહેંચણીવાળી નિશ્ચિત યોજનાની જરૂર પડે છે, ચિત્રમાં મર્યાદાઓ મૂકવી પડે છે. આખું ચિત્ર એક ચોક્કસ ફ્રેમમાં, ચોકઠામાં, મૂકવું પડે છે. પરંતુ એ મર્યાદાઓ અવાસ્તવિક છે, અને ફ્રેમ પણ કેવળ સગવડ ખાતર અને રૂઢિને લઈને હોય છે. વિશ્વરૂપી ચિત્ર ઘણું વિસ્તીર્ણ છે. એટલું જ નહીં, પરંતુ સનાતન કાળમાં સતત ગતિમાન હોઈ કોઈ પણ ચોકઠા કરતાં તે વિશાળ જ રહેવાનું. એટલે તે ચિત્રપટના દરેક ભાગને અનંત તખ્તાઓની શ્રેણીમાં મૂકીને આપણો હેતુ 'આ' છે કે 'તે' છે એમ આપણે કહીએ છીએ ખરા, છતાં આપણે જાણીએ છીએ કે એ તો માત્ર તેનાથી પર રહેલા બીજા



ચિત્રનો આરંભ માત્ર જ છે. એ પ્રમાણે વિશ્વની ચિત્રશ્રેણી હમેશાં આગળ ને આગળ વિકસતી જ જાય છે, તે કદી અટકતી જ નથી.

❀

જગત સતત બદલાઈ રહ્યું છે, સતત એક પળ માટે પણ તે તેના પોતાના જેવું રહેતું નથી, અને જગતમાં આ જે સર્વમાન્ય સંવાદિતા છે તે પોતાને વધુ ને વધુ સંપૂર્ણ રીતે વ્યક્ત કરતી રહે છે. એટલે કોઈ પણ વસ્તુ પોતે છે તેવી ને તેવી રહી શકતી નથી અને વસ્તુઓ ઊલટી રીતની દેખાય છે છતાં આખુંયે જગત સતત પ્રગતિ કરતું રહેતું હોય છે, સંવાદિતા વધુ ને વધુ સંવાદમય થતી રહે છે. સત્ય આવિર્ભાવમાં વધુ ને વધુ સાચું બનતું રહે છે. પરંતુ એ જોવા માટે આપણે સમગ્ર વસ્તુ જોવી જોઈએ અને માણસ માત્ર અમુક જ જુએ છે...... એ માત્ર માણસનો પ્રદેશ જુએ છે એવું પણ નથી, પણ એ એનો માત્ર અંગત પ્રદેશ, તદ્દન નાનકડો, તદ્દન નાનકડો, સાવ અણુ જેટલો જ પ્રદેશ જોતો રહે છે – એ સમજી શકે તેમ નથી.

તો અત્યારે જગતમાં એક બેવડી વસ્તુ પોતાને સંપૂર્ણ કરી રહી છે (પરસ્પર મિશ્રણની એ જ ક્રિયા) અને તે એક પરસ્પર માટે થતા કાર્ય દ્વારા : આવિર્ભાવ પોતાને વિશે જેમ જેમ વધુ સભાન થતો જાય છે તેમ તેમ તેની અભિવ્યક્તિ પોતાને સંપૂર્ણ કરતી જાય છે, વધારે સાચી પણ બનતી જાય છે. એ બંને ક્રિયાઓ સાથે સાથે થતી રહે છે.

❀

જે જે કાંઈ બને છે તે બધું સૃષ્ટિના લક્ષ્યને પૂરેપૂરું પ્રગટ કરવાને માટે જરૂરી છે. આપણે એમ કહી શકીએ : સૃષ્ટિનું લક્ષ્ય એ છે કે પ્રાણીએ સ્રષ્ટાની માફક સચેતન બની રહેવાનું છે. બસ. એ થોડા શબ્દો છે, પણ એ એ અર્થમાં આવેલા છે. આ સૃષ્ટિનું લક્ષ્ય તે અનંતની, શાશ્વતની આ ચેતના છે. એ સર્વશક્તિમાન છે – અનંત, શાશ્વત, સર્વશક્તિમાન (આપણા ધર્મોએ એને પ્રભુનું નામ આપેલું છે) : આપણે માટે, જીવન સાથેના સંબંધમાં એ ભગવાન છે, અનંત અને શાશ્વત. સર્વ શક્તિમાન.... કાળથી પર; પ્રત્યેક વ્યક્તિરૂપ અંશ આ ચેતનાને ધારણ કરતો હોય છે, પ્રત્યેક વ્યક્તિરૂપ અંશ આ એકરૂપ ચેતનાને ધારણ કરતો હોય છે.

આ જગતનું સર્જન ભેદમાંથી થયેલું છે અને એ ભેદની અંદર શાશ્વત પ્રભુ પોતાનો આવિર્ભાવ રચતા રહે છે.

આપણી ભાષા...... (અથવા આપણી ચેતના) પાંગળી છે.

❀



JUNE 09 Kailash Computer
2nd Proof 17-5-09
Final + 18-5-09

આખી યે સૃષ્ટિએ પ્રભુ સિવાય બીજું કાંઈ માગવું ન જોઈએ, પ્રભુને આવિર્ભાવ આપવા સિવાય બીજું કાંઈ જ ન માગવું જોઈએ અને સૃષ્ટિ જે કાંઈ કરી રહી છે, એની કહેવાતી બધી ભૂલો પણ, એ આખી યે સૃષ્ટિને માટે પ્રભુને આવિર્ભાવ આપવાનું અનિવાર્ય બની જાય તે માટેનાં સાધનો છે - પણ આ 'પ્રભુ' તે માણસ તેની કલ્પના કરે છે એ રીતના નહિ. 'એ આ છે અને પેલું નહિ' એવી અને હરેક રીતની મર્યાદિતાઓવાળા નહિ : પ્રભુ તો એક પ્રચંડ શક્તિ અને પૂર્ણ પ્રકાશનું સ્વરૂપ છે. સાચેસાચ જગતમાં એક શક્તિ, એક નવી પ્રચંડ શકિત જગતમાં આવી ગયેલી છે, અને તેણે પોતાનો આવિર્ભાવ કરવાનો જ છે. અને તેણે આ દિવ્ય સર્વરૂપ શક્તિને આવિર્ભાવ કરી શકાય (આપણે જો એમ કરીએ તો) તેવી કરવી જ જોઈએ.

મેં નિરીક્ષણ કર્યું છે, મેં અવલોકન કર્યું છે અને મેં જોયું છે કે જેને આપણે 'અતિમાનસ' કહીએ છીએ, વધારે સારા શબ્દના અભાવે, તે આ અતિમાનસ સૃષ્ટિને પેલી ઊર્ધ્વ શક્તિ પ્રત્યે વધારે સંવેદનશીલ બનાવે છે. આપણે એને 'ભગવાન' કહીએ છીએ કારણ કે.... (આપણે જે છીએ તેના સંબંધમાં તે ભગવાન છે, પણ.....) એ કંઈક એવી વસ્તુ છે (અવતરણ અને દબાણની ક્રિયા) કે જે જડતત્ત્વને પેલી શક્તિના પ્રત્યે વધારે સંવેદનશીલ અને વધારે પ્રત્યુત્તરદાયક બનાવશે જ.

❀

માત્ર તું - બસ.

અને એ તદ્દન દેખીતું જ છે કે સૃષ્ટિનું લક્ષ્ય તે એ છે, એ અદ્‌ભુત આનંદ.... સર્જનને તારા સ્વરૂપ જ અનુભવવાનું....

**શ્રી માતાજી**

(શ્રી માતાજી : દિવ્ય સ્વરૂપ, પૃ-૧૫૭, શ્રી માતૃવાણી ગ્રંથ-૩
પૃષ્ઠ ૩૪-૩૫, ગ્રંથ-૧૧, પૃ-૮૧-૮૨, પૃ-૩૦૩, ૩૨૫)

❀❀❀

***'To free the self is but one radiant pace;
Here to fulfil himself was God's desire.'***

❀


***કરવો આત્મને મુક્ત, ડગલું માત્ર એક એ
જ્યોતિનું, જગમાં કિંતુ નિજની પરિપૂર્ણતા
સ્થાપવી - પ્રભુની એવી રહી છે ઉર-વાંછના.****

*('સાવિત્રી' ના કાવ્યખંડો - પૃ. ૧૯૫)



JUNE 09 Kailash Computer
2nd Proof 17-5-09
Final + 18-5-09

**શ્રી માતાજી**



# The Golden Light

Thy golden Light came down into my brain
    And the grey rooms of mind sun-touched became
A bright reply to Wisdom's occult plane,
    A calm illumination and a flame.

Thy golden Light came down into my throat,
    And all my speech is now a tune divine,
A paean-song of thee my single note;
    My words are drunk with the Immortal's wine.

Thy golden Light came down into my heart
    Smiting my life with Thy eternity;
Now has it grown a temple where Thou art
    And all its passions point towards only Thee.

Thy golden Light came down into my feet :
My earth is now thy playfield and thy seat.

**Sri Aurobindo**




JUNE 09 Kailash Computer
2nd Proof 17-5-09
Final + 18-5-09


# સુવર્ણ પ્રભા

(શાર્દૂલવિક્રીડિત)
મસ્તિષ્કે મુજ ઊર્ધ્વથી અવતરી તારી સુવર્ણ પ્રભા
મારા ધૂસર ઓરડા મનતણા સૂર્યે થઈ સ્પૃષ્ટ દે
શુભ્રા ઉત્તર ગૂઢ ને ગહન કૈં પ્રજ્ઞાતણી ભૂમિને,
છે એ શાન્ત-પ્રશાન્ત ઉજ્જ્વલ અને જ્વાલાસ્વરૂપી બન્યા.

મારા કંઠ-પ્રદેશમાં અવતરી તારી સુવર્ણ પ્રભા,
ને વાણી મુજ સર્વ છે અવ બની સ્વર્ગીય રાગે ભરી,
છે તારું જયઘોષગાન જ હવે મારે સ્વરે એકલું;
દેવોના મધુપાનમત્ત મુજ સૌ શબ્દો બની છે ગયા.

ને મારે હૃદયે પછી અવતરી તારી સુવર્ણ પ્રભા,
મારા જીવન પે પ્રહાર કરતી તારી લઈ શાશ્વતી;
તારા મંદિરરૂપ જીવન હવે જ્યાં તું વિરાજી રહ્યો,
એના ભાવતણા ઉછાળ સઘળા તારી જ લેતા દિશા.

છે મારા ચરણો મહીં અવતરી તારી સુવર્ણ પ્રભાઃ
મારી મૃદ્દ તુજ ક્રીડનાંગણ અને છે ધામ તારું હવે.

**– અનુ. શ્રી પૂજાલાલ**

# માનવજાતની દિવ્ય પરિપૂર્ણતા

માનવજાતની એક દિવ્ય પરિપૂર્ણતા એ જ છે આપણું ધ્યેય; તો, પહેલાં તો આપણે એ જાણવું પડશે કે માનવની સંપૂર્ણ પરિપૂર્ણતાનાં ઘટકરૂપ સાચાં તત્ત્વો કયાં કયાં છે, અને, પછીથી એ પણ જાણવું પડશે કે આપણી જાતની માનવીય નહિ પણ દિવ્ય પરિપૂર્ણતા એટલે શું ? માનવજાતના સર્વે ચિંતનશીલ લોકો એક બાબત તો સ્વીકારે જ છે કે એક વ્યક્તિ તરીકે માણસ આત્મવિકાસ સાધી શકે તેમ છે અને જેનો માનસિક ખ્યાલ મેળવી શકાય, જે આંખ સામે રાખી શકાય અને જેને અનુસરી પણ શકાય એવા, પરિપૂર્ણતાના એક આદર્શ ધોરણને તે કેટલેક અંશે તો પહોંચી શકે તેમ છે જ (જોકે આ સંભાવનામાં જીવનનું એક ઉત્તમોત્તમ ધ્યેય છુપાએલું છે કે કેમ તેવી તપાસ બહુ ઓછા કરતા હશે) પણ કેટલાક લોકો દુન્યવી સુધારાઓને આદર્શ ધોરણ ગણે છે, તો કેટલાક લોકો જીવનના ધાર્મિક પલટાને.

કેટલાક લોકો દુન્યવી સુધારાઓનો બાહ્ય, સામાજિક અને કર્મપ્રધાન ખ્યાલ કરે છે, જેવો કે : આપણા માનવબંધુઓ અને સમાજ સાથે વધારે સમજભર્યું વર્તન કરવું, વધારે સારા અને લાયક નાગરિક થવું, ફરજો સારી રીતે અદા કરવી, વધારે સારી, સભર, સ્નેહાળ અને સુખી રીતે જીવન જીવવું, જીવનની ઉત્તમ તકોનો બધાયને ન્યાયી, સંવાદી અને સરખી રીતે લાભ આપવો વગેરે. તો વળી કેટલાક લોકો વધારે આંતરિક અને આત્મલક્ષી આદર્શને પસંદ કરે છે, જેવો કે : બુદ્ધિ, સંકલ્પ-શક્તિ અને તર્ક-શક્તિને વધારે સ્પષ્ટ અને ઉચ્ચ કરવી, સ્વભાવમાં રહેલ શક્તિ અને શક્યતાઓને વધારે ઊંચી જાતની અને વ્યવસ્થિત કરવી, નીતિમત્તાને વધારે ઉમદા, રસદૃષ્ટિને વધારે સમૃદ્ધ, ઊર્મિઓને વધારે લલિત અને પ્રાણ તથા શરીરને વધારે તંદુરસ્ત અને સંયમિત બનાવવાં. કદીક આમાંની માત્ર એકાદ વસ્તુ પર જ ભાર મૂકવામાં આવે છે, તો વળી કેટલાક વિશાળ અને સમતોલ સમજવાળા લોકો આ સર્વ વસ્તુઓના સુમેળને સમગ્ર પરિપૂર્ણતા ગણે છે અને તેને માટે કેળવણીમાં અને સામાજિક વ્યવસ્થામાં ફેરફાર કરવા જેવી બાહ્ય રીતો અપનાવે છે કે આંતરિક વિકાસ અને આત્મ-નિયંત્રણ જેવી પદ્ધતિને સાચી રીત તરીકે પસંદ કરે છે. તો વળી, આ બંને ખ્યાલને, વ્યક્તિની આંતરિક પરિપૂર્ણતા તેમ જ બાહ્ય જીવનની પણ પરિપૂર્ણતા એ બંનેને સ્પષ્ટ રીતે ભેગાં પણ કરી શકાય તેમ છે.



JUNE 09 Kailash Computer
2nd Proof 17-5-09
Final + 18-5-09

પણ આવા દુન્યવી આદર્શમાં કાર્યક્ષેત્ર તો આ દુનિયા જ રહે છે; જ્યારે ધાર્મિક આદર્શ છે મૃત્યુ પછીના પરલૌકિક જીવનને માટે ભાથું બાંધવાનો. તેનો પ્રચલિત આદર્શ છે એક જાતનું શુદ્ધ સંતજીવન; અને તેની રીત છે : પ્રભુકૃપા મેળવીને કે શાસ્ત્રોક્ત કે કોઈ ધર્મગુરુએ ફરમાવેલા નીતિનિયમોનો આશરો લઈને આ અપૂર્ણ કે પાપભર્યા જીવનનો પલટો. આવા ધાર્મિક આદર્શમાં સામાજિક જાતના ફેરફારોને પણ સ્થાન હોઈ શકે, પણ એને માટે સ્વીકાર કરવાનો હોય છે કોઈક સર્વસામાન્ય ધાર્મિક આદર્શનો અને તેને અનુસરતા જીવનનો, સંત-ભાવી ભાઈચારાનો, પૃથ્વી પર સ્વર્ગીય રાજ્યનો ખ્યાલ આપતી કોઈક પ્રભુ-શાસિત ધર્મ-વ્યવસ્થાનો.

સમન્વય-સાધક યોગનો હેતુ વધારે પૂર્ણ અને સર્વાંગી હોવાનો; આ કામ સફળતાથી પાર પાડવા માટે તેણે એક એવું સત્ય પકડી પાડવું પડશે કે જે સામાન્ય ધાર્મિકતાના કરતાં વધારે વ્યાપક અને દુન્યવી સિદ્ધાંતના કરતાં વધારે ઉચ્ચ હોય. સમગ્ર જીવન એ એક છૂપો યોગ જ છે, એ પ્રકૃતિમાં છુપાઈ રહેલ એક દિવ્ય તત્ત્વ ક્રમે ક્રમે અંધકારના ઓછાયા ઓછા કરી રહેલ છે, વધારે સચેતન અને પ્રકાશમય બની રહેલ છે અને, માનવ-કક્ષાએ આવતાં, માનવનાં જ્ઞાન, સંકલ્પ, કર્મ, જીવન એ બધાં કરણોને, તેનામાં તેમ જ દુનિયામાં રહેલ આત્મતત્ત્વ પ્રત્યે વધારે ખુલ્લાં કરીને વધારે સ્વાયત્ત બનાવી રહેલ છે. મન, પ્રાણ, શરીર અને આપણી પ્રકૃતિનાં સર્વ સ્વરૂપો એ વિકાસનાં સાધનો છે; પણ જ્યારે તેમનાથી પર એવા એક ''કાંઈક'' તરફ તેઓ ખુલ્લાં થશે ત્યારે જ પોતાની આખરી પરિપૂર્ણતા પ્રાપ્ત કરી શકશે; તેનું પહેલું કારણ એ કે પ્રકૃતિનાં સર્વ સ્વરૂપો એ માણસની સમગ્રતા નથી. અને, બીજું, તેમના સિવાયનું પેલું ''કાંઈક'' (અને એ ''કાંઈક'' એટલે જ માણસ પોતે) એ જ છે તેમની સમગ્રતાની ચાવી અને તેમાંથી જ વહી આવે છે એ પ્રકાશ કે જેના વડે તેને પોતાની જાતનું સમગ્ર, ઉચ્ચ અને વિશાળ સત્ય નજરે ચડે છે.

મન કૃતાર્થ થાય છે એક એવા વિશાળ જ્ઞાન વડે કે જેનો, પોતે તો, એક ધૂંધળો પ્રકાશ છે; જીવનને પોતાની સાર્થકતા જડે છે એક એવા વિશાળ સામર્થ્ય અને સંકલ્પ-શક્તિમાં કે જેનું તે પોતે એક બાહ્ય અને, આજ સુધી તો એક આંધળું કાર્ય માત્ર છે; શરીર જુએ છે કે એક એવી સાચી સત્-તાના સાધન તરીકે તેનો આખરી ઉપયોગ થઈ રહ્યો છે કે જેનો તે પોતે એક દૈહિક આધાર અને ભૌતિક શરૂઆત માત્ર છે. આ બધાંને પહેલાં તો વિકસાવવાં પડે છે અને તેમનામાં છૂપી પડેલી સામાન્ય શક્યતાઓને શોધવી પડે છે; આપણું

સામાન્ય જીવન આખું જ આ શક્યતાઓની અજમાયશ છે, પ્રાથમિક તૈયારી જેવી, અને કામચલાઉ, સ્વ-શિક્ષણની એક તક છે. પણ આપણું જીવન સંપૂર્ણ સાર્થક તો માત્ર ત્યારે જ થશે કે જ્યારે તે પોતાની હયાતીના પેલા સાચા સત્ય પ્રત્યે ખૂલી જશે, અને એક વધારે સમૃદ્ધ શક્તિ અને વધારે સચેતન ઉપયોગિતા તથા લાયકાત કેળવીને એ જ સત્યનું કાર્યક્ષેત્ર બની જશે.

બુદ્ધિ, સંકલ્પો, નીતિ, ઊર્મિઓ, રસબોધ, સૌંદર્યદૃષ્ટિ, શરીર એ બધાંને કેળવવાં અને સુધારવાં એ ખરેખર સારું જ છે. પણ આ બધું છેવટે તો એક કુંડાળામાં જ ફર્યા કરવા જેવું છે; તેમાંથી છૂટવાનું અને પ્રકાશ મેળવવાનું ત્યાં કોઈ ધ્યેય નથી; અને જ્યાં સુધી એક એવી હદ ના આવે કે જ્યારે આત્માની શક્તિ અને સત્-તા પ્રત્યે તેઓ ખૂલવા માંડે અને તેની સીધેસીધી કાર્યધારાઓ સ્વીકાર કરે ત્યાં સુધી એ એમ જ રહેવાનું. તેના આ સીધા કાર્યને પરિણામે સમસ્ત જાતમાં એક એવું પરિવર્તન આવે છે કે જે આપણી સાચી પરિપૂર્ણતા માટે અનિવાર્ય પાયારૂપ છે. તેથી, માણસ આત્માનાં સત્ય અને શક્તિમાં વિકાસ પામે અને એ શક્તિના સીધા જ કાર્યથી તેની જ અભિવ્યક્તિ માટેનું એક લાયક વાહક બની રહે, એટલે કે માણસ દિવ્યતામાં જઈને જીવે અને આત્માનું દિવ્ય જીવન માનવતામાં ઊતરી આવે,- એ જ બની રહેશે આત્મ-પરિપૂર્ણતા માટેના પૂર્ણયોગનો સિદ્ધાંત અને તેનું સમગ્ર ધ્યેય.

આ જાતનું પરિવર્તન લાવવા માટે પ્રયત્ન કરવાની જરૂર રહેતી જ હોવાથી એ પરિવર્તનની આખી જ પ્રક્રિયાના બે તબક્કા પડી જાય છે. તેમાં પહેલો તબક્કો છે માનવના અંગત પ્રયત્નનો; માણસને જ્યારે તેના આત્માનું, મનનું, હૃદયનું, આ દિવ્ય શક્યતાનું ભાન થાય છે અને તેને જીવનનું સાચું લક્ષ્ય ગણી તેની તરફ એ વળે છે ત્યારે તેને માટે પોતાની જાત તૈયાર કરવા તથા પોતાનામાં જે કાંઈ નીચલી કક્ષાનું બની રહ્યું હોય, આધ્યાત્મિક સત્ય અને તેની શક્તિ તરફ ખુલ્લા થવામાં જે કાંઈ વચ્ચે આવતું હોય તેમાંથી છૂટવા માટે તે પ્રયત્ન કરે છે, કે જેથી કરીને તે પોતાની આધ્યાત્મિક જાત પ્રાપ્ત કરી શકે અને પોતાની સર્વે પ્રાકૃતિક પ્રવૃત્તિઓને તેની અભિવ્યક્તિ માટેનું મુક્ત સાધન બનાવી શકે. આ જાતના ફેરફારથી જ, પોતાના ધ્યેય પ્રત્યે સજાગ એવો સચેતન યોગ શરૂ થાય છે, એક નવી જ જાગ્રતિ આવે છે અને જીવનના પ્રવાહમાં એક ઊર્ધ્વ વહેણ શરૂ થાય છે. મન, પ્રાણ અને શરીરની ક્રિયાઓના સામાન્ય કુંડાળાની બહાર નહિ નીકળેલા સામાન્ય જીવનને માટે જરૂરી એવું, બૌદ્ધિક, નૈતિક કે અન્ય સ્વ-શિક્ષણ જ જ્યાં સુધી ચાલતું હોય ત્યાં સુધી આપણે પ્રકૃતિનો અભાન, અને હજી સુધી પ્રકાશહીન, યોગ



JUNE 09 Kailash Computer
2nd Proof 17-5-09
Final + 18-5-09

જ કરતા હોઈએ છીએ. સામાન્ય માનવીય પરિપૂર્ણતા જ ઝંખતા હોઈએ છીએ. ભગવાનને માટેની, દિવ્ય પરિપૂર્ણતાને માટેની, તેની સાથે આપણી સમગ્ર જાતની એકતા માટેની અને આપણી સમગ્ર પ્રકૃતિમાં આધ્યાત્મિક પરિપૂર્ણતા માટેની એક આધ્યાત્મિક ઝંખના જાગે એ જ આ નવાં વહેણનું પરિણામ-સાધક લક્ષણ છે, એ જ આપણી જાત અને જીવનના મહાન અને સર્વાંગી પરિવર્તન માટેની પુરોગામી શક્તિ છે.

અંગત પ્રયત્ન વડે એક પ્રાથમિક પલટો, પરિવર્તનની શરૂઆત સાધી શકાય; આપણા માનસિક હેતુઓને, આપણા ચારિત્ર્ય અને માનસિક વલણોને વત્તોઓછો આધ્યાત્મિક પાસ આપવો તથા પ્રાણ અને શારીરિક જીવન પર કાબૂ મેળવવો અને તેમના કાર્યને શાંત કરવાં કે તેમને બદલી નાખવાં એ સર્વેનો આ પ્રાથમિક પરિવર્તનમાં સમાવેશ થાય છે. આવા આત્મલક્ષી પલટાને, આપણી માનસિક જાત અને ભગવાન વચ્ચેના એક જાતના વ્યવહાર કે એકતા માટેનો, તથા, માનવના માનસમાં દિવ્ય પ્રકૃતિનો ભાંગ્યોતૂટ્યો ખ્યાલ રજૂ કરવા માટેનો આધાર બનાવી શકાય. માણસ પોતાના એકલાના જ યત્નથી કે આડકતરી સહાયવાળા પ્રયત્નથી વધારેમાં વધારે આટલે સુધી જ જઈ શકે; કારણકે તે પ્રયત્ન મન વડે થતો હોય છે અને મન પોતાની જાતથી કાયમ માટે પર થઈ શકતું નથી,- બહુ બહુ તો એ આધ્યાત્મિકતાના કે આદર્શમયતાના પાસવાળી મનોમયતા સુધી ઊંચે ચડી શકે છે. જો આ સીમાની બહાર તે કૂદી પડે તો પોતાની ઉપરનું તેના જ જીવનની ઉપરનું પ્રભુત્વ તે ગુમાવી બેસે છે અને સમાધિની તલ્લીનતામાં કે નિષ્ક્રિયતામાં જઈ ચડે છે. આનાથી વધારે પરિપૂર્ણતા તો માત્ર ત્યારે જ મળે કે જ્યારે એક ઊર્ધ્વ શક્તિ આપણા સમગ્ર કાર્ય-પ્રદેશમાં પ્રવેશે અને તેને પકડમાં લે. એટલે આ યોગનો બીજો તબક્કો બને છે : પ્રકૃતિનાં સઘળાં કાર્યોને મહાશક્તિના હાથમાં ખંતપૂર્વક સોંપતાં જવાં; અને અંગત પ્રયત્નની જગ્યાએ તેના જ પ્રભાવ, પકડ અને કાર્યને સ્થાપતાં જવાં, કે જેથી છેવટે આપણે જે ભગવાનને ઝંખીએ છીએ તે જ આપણા યોગનો પ્રત્યક્ષ અધિષ્ઠાતા બની રહે અને આપણી જાતનું આધ્યાત્મિક અને આદર્શ પરિવર્તન પૂરેપૂરું પાર પાડે.

આપણા યોગની આ બેવડી વિશિષ્ટતાને લીધે એ, પરિપૂર્ણતાના દુન્યવી આદર્શના કરતાં તો વધારે ઉચ્ચ બને જ છે પણ, સાથે સાથે ઉમદા, ઉચ્ચ અને જોરદાર (છતાં વધારે મર્યાદિત) એવા ધાર્મિક સ્વરૂપના કરતાં પણ વધારે આગળ વધી જ જાય છે.

❀

પૂર્ણ પરિપૂર્ણતા માટેના આ યોગની દૃષ્ટિએ માણસ એટલે મન, પ્રાણ અને શરીરમાં, ગુપ્ત રીતે આવી વસેલ એક દિવ્ય, આધ્યાત્મિક વ્યક્તિત્વ; તેથી તેની દિવ્ય પ્રકૃતિને મુક્ત અને પરિપૂર્ણ કરવી એ છે તેનું ધ્યેય.

❀

પણ પૂર્ણયોગનો પાયો બીજો છે : આધ્યાત્મિક તત્ત્વ એ એક સર્વવ્યાપી અસ્તિત્વ છે, અને તેની પૂરેપૂરી પ્રાપ્તિ માટે પરલોકમાં જવાનું કે વિશ્વવ્યાપી શૂન્યતામાં ભળી જવાનું કાંઈ ફરજિયાત નથી; ફરજિયાત છે : આપણે આજે જે નામરૂપની ઘટનાઓ જેવા છીએ તેમાંથી વિકાસ પામી આપણી સાચી જાતનું (કે જે પેલી સર્વવ્યાપી સત્-તા પોતે જ છે) તેનું ભાન મેળવવું.

❀

આ ત્રણ બાબતો એટલે કે પરમ ભાગવત ચેતનાનું મિલન, પરમાત્મા સાથે એકરૂપતા, અને આ પરાત્પર આદિસ્થાનમાંથી અને વિશ્વમયતાની દ્વારા (છતાં વ્યક્તિગત જાતને આત્માનું વાહન અને સહજ સાધન રાખીને) થતું અતિમાનસિક જીવનકાર્ય એ ત્રણ બાબતો માનવજાતની પૂર્ણ દિવ્ય પરિપૂર્ણતાનાં મૂળ તત્ત્વો છે.

**શ્રી અરવિન્દ**

(યોગમાર્ગોનો સમન્વય ગ્રંથ-૨ પૃષ્ઠ ૮૯ થી ૯૭)

***Our life shall find in its fulfilled response***
***Above, the boundless hushed beatitudes,***
***Below, the wonder of the embrace divine.***
Savitri

❀

**અને સૌ ઝંખના થાતાં પૂર્ણ આ જિન્દગી તણી**
**લાધશે શાંત આનંદો નિઃસીમ ઊર્ધ્વને વિશે**
**ને નીચે લાધશે દિવ્ય આશ્લેષ પ્રભુનો 'દ્ભુત**
**-અનુ. સુન્દરમ્**

'સાવિત્રી' ના કાવ્યખંડો - પૃ. ૨૦૩



JUNE 09 Kailash Computer
2nd Proof 17-5-09
Final + 18-5-09

# સત્‌તા ધારણ કરવી

આપણા અસલ સ્વરૂપને, મૂળ સત્‌ને પ્રાપ્ત કરવું એજ એક માત્ર કર્તવ્ય છે. પણ એ સાચું સત્ આપણા અંતરમાં પ્રચ્છન્ન રહેલું છે. એટલે આપણા સોથી ઉત્તમ સત્‌ને પ્રાપ્ત કરવું હોય તો અત્યારે આપણી જે અન્નમય, પ્રાણમય અને મનોમય બાહ્ય ચેતના છે તેને તો આપણે વટાવીને પાર કરવી જોઈએ. એ ઉત્તમ સત્ એ જ આપણું સાચું અને દિવ્ય સત્ છે, આપણામાં એ સ્વયં-પ્રકાશ અને સક્રિય બનવાનું છે. અંતરમાં વિકાસ કરીએ અને અંતરમાં જીવીએ તો જ તે આપણને પ્રાપ્ત થઈ શકે. એકવાર એ અંતરમાં જીવન જીવવાનું કાર્ય આપણે કરી શકીએ ત્યાર પછી અંતરના કેન્દ્રમાં પ્રતિષ્ઠિત રહીને ત્યાંથી આધ્યાત્મિક અથવા તો દિવ્ય મન, પ્રાણ તથા શરીર ઉત્પન્ન કરવાં અને એ કરણસમુદાયનો પ્રયોગ કરીને એની સહાય વડે એક એવું જગત સર્જવું જે દિવ્યજીવન માટેની સાચી પરિસ્થિતિરૂપ બનેઃ આ કાર્ય આપણી સમક્ષ પ્રકૃતિની અંદર કાર્ય કરી રહેલી શક્તિનો છેવટનો ઉદ્દેશ છે. એટલે પહેલી જરૂર એ છે કે પ્રત્યેક વ્યક્તિએ આત્માને શોધી કાઢવો જોઈએ, પ્રાપ્ત કરવો જોઈએ, એટલે કે તેનામાં પોતાનામાં રહેલી દિવ્ય વાસ્તવિકતાને તેણે પ્રાપ્ત કરવી જોઈએ તથા તેના સમગ્ર અસ્તિત્વમાં અને જીવનમાં તેને જ પ્રગટ કરવી જોઈએ.

સત્‌તા ધારણ કરવી, અને તે પણ પ્રફુલ્લ સત્ રૂપ થવું એવો આપણી અંદર પ્રકૃતિનો ઉદ્દેશ છે; પરંતુ પૂરેપૂરી પ્રફુલ્લતાથી સત્‌તા ધારણ કરવી એટલે તો પોતાના સત્ વિશે સમગ્રભાવે સચેતન થવું. પોતા વિશેની અચેતના, અર્ધચેતના યા તો અપૂર્ણ સચેતના એટલે તો સત્‌ની એવી અવસ્થા જેમાં તેણે પોતાને પ્રાપ્ત કરેલું નથી, એવી સ્થિતિ પોતે અસ્તિત્વ કેવળ હોઈ શકે, પરંતુ એને સત્‌ની પ્રફુલ્લતા ન કહી શકાય. પોતાના સાચા અસ્તિત્વને પ્રાપ્ત કરવાની શરત એ છે કે પોતાની જાતના વિશે તથા પોતાના સત્‌ની અંદર રહેલા સત્ય વિશે માનવે સચેતન બનવું જોઈએ. એવી જાતની આત્મ સચેતનતાને-આત્મસંવિત્તિને, આધ્યાત્મિક જ્ઞાન કહેવામાં આવે છે. આધ્યાત્મિક જ્ઞાનનો સાર અસલની સ્વયંભૂ ચેતના છે; એ જ્ઞાનનાં સઘળાં કર્મો, - ખરૂં જોતાં, કોઈ પણ પ્રકારનાં કર્મો-એટલે એ ચેતનાએ પોતે લીધેલાં સ્વરૂપો, અન્ય સર્વે પ્રકારનું જ્ઞાન એટલે પોતાના સ્વરૂપનું

વિસ્મરણ થયેલી ચેતના જે પોતાને વિશેની તથા પોતાની અંદરના સત્વ વિશે સચેતના પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરી રહી છે. એટલે કે એ ચેતના આત્મજ્ઞાનમાં - 'સ્વ'ના જ્ઞાનમાં પોતાનું રૂપાંતર કરવાને મથી રહેલ આત્મા વિશેનું અજ્ઞાન છે-'સ્વ'નું અજ્ઞાન છે.

વધારામાં, સત્‌માં રહેલી શક્તિ પોતાનામાં ચેતનાને ધારણ કરે એટલે પ્રફુલ્લપણે સત્‌તા ધારણ કરવી એટલે પોતાના સત્‌ની સહજ અને સમગ્ર શક્તિને ધારણ કરવી-પોતાના આત્માની સઘળી શક્તિ અને તેના સર્વે પ્રકારના ઉપયોગોની શકિત પ્રાપ્ત કરવી. કેવળ અસ્તિત્વમાં હોવું એટલે કે પોતાના સત્‌ની સમગ્ર શક્તિ વગરના, યા તો અર્ધ શક્તિવાળા કે અપૂર્ણ શક્તિવાળા હોવું - એ તો ખંડિત અથવા તો અપૂર્ણ અસ્તિત્વ જ ગણાય. એવું જીવન હોવું એટલે અલબત્ત કેવળ અસ્તિત્વમાં હોવું, પરંતુ એને સત્‌ની પ્રફુલ્લતા ન કહી શકાય. પોતાના સત્‌ની સઘળી શક્તિને આત્મામાં-પોતાનામાં એકાગ્ર અને અગતિમાન કરીને કેવળ સ્થિતિરૂપે અસ્તિત્વ ધારણ કરવું એ, ખરેખર શક્ય છે. પણ એ શકય હોય તો પણ, સક્રિયતા અને સ્થિતિ એ બંનેમાં એકી વખતે અસ્તિત્વ હોવું એને જ આપણે અસ્તિત્વની સર્વાંગીતા કહી શકીશું. આત્મામાં શક્તિ રહેલી છે તે આત્માની દિવ્યતાની નિશાની છે. શક્તિહીન આત્મા તે આત્મા જ નથી. પરંતુ, આધ્યાત્મિક ચેતના જેમ સહજ અને સ્વયંભૂ હોય છે, તે જ પ્રમાણે, આપણા આધ્યાત્મિક સત્‌ની શક્તિ પણ સહજ, અને કર્મમાં સ્વસંચાલિત, સ્વયંભૂ અને પોતાની ચરિતાર્થતા સિદ્ધ કરનારી હોવી જોઈએ. એ શક્તિ જે કરણસમૂહનો ઉપયોગ કરશે તે પણ એનો પોતાનો જ એક ભાગ, સજીવન અંશ, એના અસ્તિત્વને પ્રગટ કરનારો હશે. સત્‌ની શક્તિ સચેતન કાર્યમાં સંયોજાય એનું નામ સંકલ્પ શક્તિ-સત્‌ની તપઃશક્તિ. આમ, તપઃશક્તિ એટલે સચેતન કાર્યમાં પ્રયુક્ત થયેલી સત્‌તાની શક્તિ. આત્માનો હરકોઈ સચેતન સંકલ્પ હશે, એના પોતાના સત્‌નો અને આવિર્ભાવનો જે કાંઈ સંકલ્પ હશે, તેને સંવાદિતાપૂર્વક સિદ્ધ કરવાની સમગ્ર અસ્તિત્વને ફરજ પડશે. જે કોઈ કર્મમાં, કે કર્મની શક્તિમાં આવી સહજ આજ્ઞાકારકતા-સર્વસત્તાધીશપણું-અથવા તો કર્મના યંત્ર ઉપર પ્રભુત્વ ન હોય તો તેમાં સત્‌ની શક્તિની અપૂર્ણતા છે યા તો ચેતના વિભક્ત થયેલી છે, કે એને નિર્બળ કરનાર ખંડિતતા રહેલી છે-સત્‌ના આવિર્ભાવની અપૂર્ણતા છે તેની જ એ નિશાની છે.

છેવટે, પ્રફુલ્લતા સહિત જીવવું એટલે અસ્તિત્વનો સંપૂર્ણ આનંદ



JUNE 09 Kailash Computer
2nd Proof 17-5-09
Final + 18-5-09

માણવો, સત્‌-ના આનંદ વગરનું, પોતાના અને સર્વ વસ્તુના સંપૂર્ણ, અશેષ આનંદ વગરનું અસ્તિત્વ એ તો લગભગ અભાવાત્મક અથવા તો હાનિવાળું અસ્તિત્વ ગણાય. એ આનંદ પણ સહજ સ્વયંભૂ, સ્વયંસક્રિય હોવો જોઈએ. એવો આનંદ પોતાની બહારની વસ્તુઓ ઉપર અવલંબે નહિ, આધાર રાખે નહિ. એવું અસ્તિત્વ જે કોઈ વસ્તુમાં આનંદ લે છે તેને પોતાનો જ એક ભાગ બનાવે છે, પોતાની વિશ્વમયતાના એક અંગ તરીકે તે એનો આનંદ માણે છે. સર્વ પ્રકારનો આનંદનો અભાવ, એટલે નિરાનંદતા તથા સર્વ પ્રકારનાં દુઃખ અને યાતના અપૂર્ણતાની નિશાની છે, અસિદ્ધ દશાની નિશાની છે. એ બધી અવસ્થાઓ જન્મે છે સત્‌ની ભેદવાળી અવસ્થામાંથી, સત્‌ની ચેતનાની અપૂર્ણતામાંથી, સત્‌ની શક્તિની અપૂર્ણતામાંથી. સત્‌તામાં, સત્‌ની ચેતનામાં, સત્‌ની શક્તિમાં, સત્‌ના આનંદમાં સંપૂર્ણ બનવું અને એવી સમગ્રતાવાળી પૂર્ણતામાં જીવવું એનું નામ જ દિવ્ય જીવન.

પરંતુ એ પણ ઉમેરવું જોઈએ કે પ્રફુલ્લપણે અસ્તિત્વ ગાળવું એટલે વિશ્વમયતાવાળું જીવન ગાળવું. લઘુ, સંકુચિત અહંની મર્યાદાઓમાં અસ્તિત્વ ધારણ કરવું એટલે તો કેવળ અસ્તિત્વમાં હોવું એમ જ ગણાય. એવું અસ્તિત્વ પોતે અપૂર્ણ છે. એ રીતનું જીવન એટલે, સ્વાભાવિક રીતે જ, અપૂર્ણ ચેતનામાં, અપૂર્ણ શક્તિમાં અને અપૂર્ણ આનંદમાં ગાળેલું જીવન હોય છે. એવું અસ્તિત્વ એટલે પોતાના અસલ સ્વરૂપથી કાંઈક ઓછું અસ્તિત્વ, અને એને પરિણામે અનિવાર્યપણે અજ્ઞાન, નિર્બળતા અને દુઃખ આવે છે જ. અને કદાચ પ્રકૃતિના કોઈ દિવ્ય બંધારણ વડે એ અપૂર્ણતાઓ ટાળી શકાય તો પણ એવું જીવન અસ્તિત્વના મર્યાદિત ક્ષેત્રમાં, મર્યાદિત ચેતનામાં, મર્યાદિત શક્તિમાં અને મર્યાદિત આનંદમાં ગાળેલું જીવન હશે. સર્વ પ્રાણીઓ, સત્‌ માત્ર એક છે અને પ્રફુલ્લપણે અસ્તિત્વવાળા થવું એટલે જે કાંઈ છે તે સર્વમય થવું, સર્વમય બનવું, સર્વના સત્‌માં અસ્તિત્વ ધારણ કરવું અને સર્વને પોતાના સત્‌માં સમાવવાં, સર્વની ચેતના વિશે સચેતન બનવું, પોતાની શક્તિને વિશ્વની શક્તિ જોડે સંવાદિ બનાવવી, સર્વ કર્મ અને સર્વ અનુભૂતિ પોતાનામાં - પોતાના વિશ્વરૂપમાં, ધારણ કરવી, અને તેમને પોતાનાં કર્મ અને પોતાની અનુભૂતિ રૂપે અનુભવવાં. સર્વ આત્માઓને પોતાના આત્મા તરીકે જાણવા, સર્વ સત્‌તા આનંદને પોતાના અસ્તિત્વના આનંદ તરીકે અનુભવવો - આવી સ્થિતિ સર્વાંગપૂર્ણ દિવ્ય જીવન માટેની આવશ્યક અવસ્થા છે.

પરંતુ એ પ્રમાણે વિશ્વમયતામાં પ્રફુલ્લતા સહિત અને પોતાની વિશ્વમયતાની સંપૂર્ણ મુક્તિ સહિત અસ્તિત્વ ગાળવું હોય તો માનવે વિશ્વાતીતપણામાં - પરાત્પરતામાં પણ અસ્તિત્વ ધારણ કરવું જોઈએ. સત્‌ની આધ્યાત્મિક પ્રફુલ્લતા સનાતનતા છે, શાશ્વતી છે. જેનામાં કાલાતીત શાશ્વત સત્યની ચેતના નથી, જે વ્યક્તિ શરીરના ઉપર, યા તો દેહધારી પ્રાણના ઉપર કે આ જગતના ઉપર, કે બીજી કોઈ સૃષ્ટિના ઉપર, અમુક કે તમુક સ્થિતિના ઉપર આધાર રાખે છે તે આત્માના સત્યને પ્રાપ્ત કરતો નથી, તેને આધ્યાત્મિક જીવનની પ્રફુલ્લતા પ્રાપ્ત થઈ નથી.

❀

પરંતુ માણસે કેવળ પોતાના વ્યક્તિત્વના જ નહિ પરંતુ વિશ્વમયતાના બંધારણને પણ વટાવવાનું છે. કારણકે એમ થાય તોજ વ્યક્તિનું કે વિશ્વનું અસ્તિત્વ પોતાના સાચા અસ્તિત્વને પ્રાપ્ત કરી શકે તથા સંપૂર્ણ સુમેળને પામે. એ બન્ને - વ્યક્તિ અને વિશ્વ - બાહ્ય સ્વરૂપે વિશ્વાતીત પ્રભુનાં અપૂર્ણતાવાળાં બંધારણો છે, સ્વરૂપો છે. પરંતુ એમના મૂળમાં એ બન્ને વિશ્વાતીત પ્રભુ પોતે જ છે, અને પોતાના એ મૂળ તત્ત્વ વિશે સચેતન થવાથી જ વ્યક્તિની કે વિશ્વની ચેતના પોતાની પ્રફુલ્લતાને, પરિપૂર્ણતાને અને પોતાનામાં રહેલી વાસ્તવિકતાની મુક્તિને પ્રાપ્ત કરી શકે છે. એ પ્રમાણે ન બને તો વ્યક્તિ વિશ્વ ચેતનાની ક્રિયાને વશ રહે અને તેનાં પ્રતિકાર્યો અને તેની મર્યાદાઓમાં જ પુરાયેલી રહે, અને પોતાની સંપૂર્ણ આધ્યાત્મિક મુક્તિથી વંચિત રહે. વ્યકિતએ પરાત્પર યાને પરમ દિવ્ય વાસ્તવિકતામાં પ્રવેશ કરવો જોઈએ, એની સાથે પોતાની એકતા અનુભવવી જોઈએ, એમાં જીવન ધારણ કરવું જોઈએ, અને પોતે એના સર્જનરૂપ બની રહેવું જોઈએ. એનાં મન, પ્રાણ અને સ્થૂલ શરીર એ દિવ્યતાની પરાપ્રકૃતિમાં રૂપાંતર પામી જવાં જોઈએ - એના સર્વે વિચારો લાગણીઓ અને કર્મો એ પરાપ્રકૃતિ વડે નિયત થવાં જોઈએ - પરાપ્રકૃતિનાં જ થઈ રહેવાં જોઈએ, એનાં જ પોતાનાં ઘડતરો બની રહેવાં જોઈએ.

❀

જડ પ્રકૃતિમાં ક્રમવિકાસની ક્રિયા થઈ હોય, તથા ચેતના અને જીવન એ બે મુખ્ય તત્ત્વોનો આધાર લઈને કોઈ સત્‌ એ ક્રમવિકાસ કરી રહ્યું હોય, તો અતિમનસના જીવનના સત્‌ની, ચિત્‌ની તથા જીવનની જે પ્રફુલ્લતા, વિપુલતા- આપણે જોઈ એજ એ વિકાસનું લક્ષ હોઈ શકે છે. આપણે એના તરફ જઈ રહ્યા છીએ અને મોડી કે વહેલી અતિ-મનસની એ ચેતના આપણા ભાવિના



JUNE 09 Kailash Computer
2nd Proof 17-5-09
Final + 18-5-09

કોઈ તબક્કામાં પ્રગટ થશે જ. જડતત્ત્વની અને જીવનની અચેતનતા-ભાવિના કોઈ તબક્કામાં પ્રગટ થશે જ. જડતત્ત્વની અને જીવનની અચેતનતામાંથી-જે વાસ્તવિકતા, જે દિવ્ય તત્ત્વ, જે આત્મા પ્રગટ થઈ રહ્યો છે તે પોતાનામાં રહેલ સત્-તા, સંપૂર્ણ સત્યને ચેતનાના સંપૂર્ણ સત્યને એ જીવનમાં અને જડ તત્ત્વમાં પ્રગટ કરશે. એ દિવ્ય તત્ત્વ પોતાના સ્વરૂપને પાછું પ્રાપ્ત કરશે, અથવા વ્યક્તિ તરીકે એનો અંતિમ ઉદ્દેશ નિરપેક્ષ કેવળમાં લય પામવાનો હશે તો તેવો લય પણ તે પ્રાપ્ત કરશે, પણ એ પુનઃપ્રાપ્તિ જીવનની નિષ્ફળતા વડે નહિ પરંતુ જીવનમાં આધ્યાત્મિક જીવનની સંપૂર્ણતા પ્રગટ કરીને તે સિદ્ધ કરશે. અત્યારે અજ્ઞાનમાં જે ક્રમવિકાસ થયો છે તેમાં આત્માની ખોજ અને જગતની ખોજમાં સુખદુઃખના વારાફેરા માણસે જોયા છે, એમાં અર્ધ સફળતાઓ, અને સતત શોધ અને હાનિ એણે અનુભવ્યાં છે. એ તો ફક્ત આપણી પ્રાથમિક અવસ્થા છે. એને પરિણામે અનિવાર્યપણે જ્ઞાનમાં આપણો ક્રમવિકાસ થવો જોઈએ, દિવ્ય તત્ત્વની પોતાની શોધ, એનો સ્વ-વિકાસ પ્રગટ થવો જોઈએ. સર્વમાં રહેલ પ્રભુનો આત્મ-પ્રકાશ પ્રકૃતિમાં રહેલી તેની શક્તિ વડે થવો અનિવાર્ય છે-એ પ્રકૃતિ આપણે માટે હજી પરા પ્રકૃતિ છે.

**શ્રી અરવિન્દ**

(દિવ્ય જીવનનું છેલ્લું પ્રકરણ - પૃષ્ઠ-૧૪ થી ૧૮ અને પૃ-૭૯)

❀

## પ્રકરણ સાતમું

# આર્ય યોદ્ધાનો ધર્મ

(મે અંકથી ચાલુ)

''આવા વિષમ કટોકટીને પ્રસંગે આ શોક, આત્માને કલંક લગાડનાર આ અંધકાર તારામાં ક્યાંથી આવ્યો ?'' એવો પ્રશ્ન શ્રીકૃષ્ણ અર્જુનને પૂછે છે, એ પ્રશ્ન જ અર્જુન પોતાના ક્ષાત્રધર્મમાંથી કયાં કારણોને લઈને ચલિત થયો છે તેના પ્રત્યે આપણું ધ્યાન દોરી આપે છે. એક પ્રકારની દિવ્ય પ્રભુતામાંથી આવતી કરુણાવાળા છે એવો ડોળ કરે, પોતે એવો લોકોત્તર માનવ હોય એ પ્રમાણે વર્તે એ તો મૂર્ખાઈ છે, ઉદ્ધતાઈ છે. કારણ કે લોકોત્તર માનવ યાને અતિમાનવ તો તે જ વ્યક્તિ થઈ શકે જે પ્રભુની દિવ્ય પ્રકૃતિને સૌથી વધારે પ્રમાણમાં પોતાની અંદર વ્યક્ત કરી શકે. એ જાતની દિવ્ય કરુણા તો એવી હોય છે કે તે યુદ્ધના કાર્યને અને કલહને પણ પ્રેમભરી અને જ્ઞાનથી પ્રકાશિત દૃષ્ટિ વડે જોઈ શકે છે. માનવના બળને અને અશક્તિને, એનાં પુણ્યને અને પાપને, સુખને અને દુઃખને, જ્ઞાનને અને અજ્ઞાનને, ડહાપણને અને મૂર્ખાઈને, એની અભીપ્સાને અને નિષ્ફળતાઓને એવી કરુણાસ્થિર સામર્થ્યપૂર્વક જોઈ શકે છે અને એ બધીય સ્થિતિમાં સહાય આપવા તથા દુઃખ દૂર કરવા તથા દિલાસો આપવા પોતે એમાં પ્રવેશ કરી શકે છે. સાધુ અને પરોપકારી જનમાં એ દિવ્ય કરુણા પ્રેમની અથવા તો દયાની વિશાળતા રૂપે પ્રગટ થાય છે, ચિંતક અને વીર પુરુષમાં તે સહાયકારક જ્ઞાન અને સામર્થ્યનું રૂપ ધારણ કરે છે, આર્ય યોદ્ધામાં પણ એ દિવ્ય કરુણા રહેલી હોય છે. એ દિવ્ય કરુણા જ એની વિનીત વીરતાનો આત્મા હોય છે, જે સૂકા ઘાસના તણખલાને તોડતી નથી પરંતુ નિર્બળ, અસહાય, જુલમના ભોગ બનેલાંને, ઘાયલ થયેલાંને અને પડેલાંને રક્ષે છે, અને છતાં બળવાન જુલમગારને કે દુર્ઘર્ષ પીડાકારીને મારી હઠાવે છે તે પણ એ દિવ્ય કરુણા છે. અલબત્ત, એ કરુણા વિનાશ કરે છે પણ તે તિરસ્કારથી કે કોપથી પ્રેરાઈને નહિ, કારણ કે એ ગુણો દિવ્ય સંપત્તિના નથી. 'પાપીના પ્રત્યે પ્રભુનો કોપ, દુષ્ટ લોકો પ્રત્યે પ્રભુનો તિરસ્કાર' વગેરે ખ્યાલો ખરું જોતાં, અર્ધવિકસિત, અર્ધપ્રકાશિત એવા ધર્મોની આખ્યાયિકાઓ છે. સનાતન કાળ સુધી ભોગવવાના નરકની કલ્પના છે તેના જેવા જ એ ખ્યાલો પણ છે. પરંતુ પ્રાચીન હિંદની આધ્યાત્મિકતાએ



JUNE 09 Kailash Computer
2nd Proof 17-5-09
Final + 18-5-09

તો સ્પષ્ટ જોયું હતું કે એ વિનાશ કરનારી કરુણામાં, પોતાના બળથી ખોટે માર્ગે જઈ રહેલા અને પાપને લઈને મરણને નોતરી રહેલા રાક્ષસને માટે એના અન્યાયનો ભોગ બનનારા અને એનાથી બચાવવાના લોકો પ્રત્યે હોય છે તેનાં જેટલાં જ પ્રેમ અને દયા રહેલાં હોય છે.

પણ અર્જુનના અંતરમાં દયાની જે લાગણી થઈ આવી છે અને જે એની પાસે એના ધર્મનો અને જીવનના કાર્યનો ઈન્કાર કરાવી રહી છે તે કાંઈ દિવ્ય કરુણા નથી. એ લાગણી સાચી દયાની નથી પણ એક અશક્તિ છે, એમાં હૃદયની દુર્બળતા રહેલી છે. પોતાના કાર્યને પરિણામે અવશ્ય થનાર માનસિક દુઃખની લાગણી પ્રત્યે અર્જુનને ઘૃણા થઈ આવે છે તેનું એ પરિણામ છે. 'મારી ઈન્દ્રિયોને તપ્ત કરનાર આ વિશાદ મારામાંથી કેવી રીતે દૂર થશે ? શેનાથી દૂર થશે ?' એવો પ્રશ્ન અર્જુન કરે છે. એવી પોતાના ઉપર ઊપજતી દયાની લાગણી સૌથી અધમ અને અનાર્ય લાગણી છે. એવા માણસમાં બીજા માટેની દયાની લાગણી હોય છે તે પણ એક પ્રકારનું 'સ્વ'નું લાલન માત્ર હોય છે. ખરું જોતાં, અર્જુનનું નાડીયંત્ર સ્થૂળ હિંસાના કાર્યથી પાછું પડે છે, તેમાંથી એ લાગણી જન્મે છે; તથા ધૃતરાષ્ટ્રના પુત્રો સ્વજનો છે, એમના વિના જીવન શૂન્ય થઈ જશે, તેટલા માટે એમનો વિનાશ કરતાં અહંકેન્દ્રિત લાગણીઓ હૃદયમાં થઈ આવે છે અને એ ઘૃણા ઉપજાવે છે. આ જાતની દયા એ તો મનની અને ઈન્દ્રિયોની એક નિર્બળતા છે. જે માણસોની ચેતના અધોભૂમિકામાં મર્યાદિત છે તેમને માટે એ જાતની દયા કદાચ લાભદાયક હોઈ શકે. કારણ કે એવા કઠણ અને ક્રૂર પ્રકૃતિના લોકોએ પોતાનાં સ્થૂળ કાર્યોમાં પ્રગટતી કઠણ પ્રકારની અહંતાને નમ્ર પ્રકારની અહંતાથી દૂર કરવાની હોય છે. એવા લોકોએ પોતાનામાં રહેલા સત્ત્વગુણને મદદ આપવા માટે તમોગુણને પોતાની અંદર લાવવો પડે છે જેથી કરીને એમનામાં રહેલા રાજસિક આવેગનું સામર્થ્ય અને અતિશયતા દાબમાં રહે. પરંતુ અર્જુન જેવા વિકાસ પામેલા આર્ય માટે એ માર્ગ નથી. એનો વિકાસ એ પ્રકારની નિર્બળતા વડે થવાનો નથી. પરંતુ એક શક્તિથી ઉચ્ચ શક્તિ પ્રત્યે એણે ઊંચે ને ઊંચે ચડવાનું છે. અર્જુન દિવ્યતાનો અધિકારી માનવ છે. તે ભાવિમાં થનાર મહાપુરુષ છે. યુગવીર છે. દેવતાઓએ એને એટલા માટે તો પસંદ કર્યો છે. જીવનમાં કરવાનું એક કાર્ય એને સોંપવામાં આવેલું છે, એના રથમાં, એની પાસે જ પ્રભુ રહેલા છે, એના હાથમાં દિવ્ય ગાંડીવ ધનુ છે, અધર્મના પક્ષકારો, પ્રભુની દિવ્ય દોરવણીના વિરોધીઓ એની સામે આવીને રણક્ષેત્રમાં ઊભેલા છે. પોતાની લાગણી કે આવેશને વશ થઈને પોતે શું કરવું

કે શું ન કરવું એ નક્કી કરવાનો એને અધિકાર નથી, અથવા તો જે વિનાશ આવશ્યક બન્યો છે તેમાંથી પોતાના અહંકારી હૃદયની અને બુદ્ધિની માગણીને વશ થઈને પાછા પડવું, યા તો પોતાનો ધર્મ બજાવવાની ના પાડવી, કારણ કે એને લઈને જીવનમાં શોક અને શૂન્યતા વ્યાપશે, અથવા તો, જે હજારો લોકો વિનાશ પામવાના છે તેમની ગેરહાજરીમાં પોતાના યુદ્ધનું જે પાર્થિવ પરિણામ વિજય રૂપે પોતાને મળશે તે મૂલ્યહીન, નિરર્થક બની જાય છે તેથી લડવું નથી વગેરે નિર્ણયો કરવાનો અધિકાર અર્જુનને નથી. કારણ કે એ બધાં કારણો અર્જુનની ઉચ્ચ પ્રકૃતિનું નિર્બળતામાં પતન થયું છે તેનાં જ સૂચકો છે. પોતાનું કર્તવ્યકર્મ શું છે તેના જ ઉપર એણે દૃષ્ટિ રાખવાની છે. પોતાની ક્ષાત્ર પ્રકૃતિમાં થઈને પ્રભુનો જે આદેશ પોતાનામાં જાગે છે તેને જ એણે સાંભળવાનો છે. એણે કેવળ જગત માટે લાગણી રાખવાની છે. કારણ કે માનવજાતિનું ભાવિ એને સાદ કરી રહ્યું છે, પ્રભુના નિર્મિત દૂત તરીકે માનવજાતિની પ્રગતિની કૂચમાં એણે સહાય કરવાની જરૂર છે અને એની પ્રગતિના માર્ગમાં જે કાળાં વિરોધી દળો આવી રહેલાં છે તેમને હઠાવીને માનવજાતિનો માર્ગ એણે મોકળો કરવાનો છે.

શ્રીકૃષ્ણને ઉત્તર આપતાં અર્જુન સ્વીકારે છે કે તેમનો ઠપકો સાચો છે, સકારણ છે. અને એમનો વિરોધ કરવા છતાં પોતાની નિર્બળતા એ કબૂલ કરે છે છતાં યુદ્ધ કરવાના એમના આદેશનો પોતે ઇન્કાર કરે છે. અર્જુનને પોતાની નિર્બળતાનું ભાન છે, છતાં એ તેને વશ થાય છે. એને પોતાને પણ લાગે છે કે એનામાંથી સાચા ક્ષાત્રભાવને એના હૃદયની દુર્બળતાએ જ હાંકી કાઢ્યો છે. એ જાણે છે કે ખરું-ખોટું પારખવાની પોતાની શક્તિ ભ્રમિત થઈ ગઈ છે. આમ હોવાથી તે પોતાના મિત્રને ગુરુ તરીકે સ્વીકારે છે. અત્યાર સુધી એની ધર્મની ભાવનાને એની લાગણીઓનો અને બુદ્ધિનો જે ટેકો હતો તે જમીનદોસ્ત થઈ ગયો હોવાથી કર્મ કરવા માટે કોઈ નવો જ પાયો તેને મળે નહિ ત્યાં સુધી એની અસલની ક્ષત્રિય ધર્મની ભાવનાના દૃષ્ટિબિંદુ પર આધાર રાખનારી કોઇ પણ આજ્ઞા કે આદેશ અર્જુન સ્વીકારી શકે એવું રહ્યું નથી. એવી માનસિક અવસ્થામાં પોતે કર્મ કરવાનો જે ઇન્કાર કર્યો છે તેને અર્જુન સાચો ઠરાવવા મથે છે. અને એને માટે પોતાના નાડીયંત્રમાં અને સંસ્કાર ગ્રહણ કરનાર પિંડમાં હિંસા, અને તેને પરિણામે મળનારા રુધિરવાળા ભોગો પ્રત્યે જાગ્રત થયેલી ઘૃણાને તે આગળ કરે છે. વળી પોતાના કર્મને અંગે થનારી હૃદયમાં શૂન્યતાની અને શોકની લાગણીને પણ તે રજૂ કરે છે. પોતાની રૂઢિપ્રધાન નીતિની ભાવનાને થયેલો આઘાત,



એટલે કે ભીષ્મ અને દ્રોણ જેવા ગુરુજનોને મારવાની આવશ્યકતાને લઈને નીતિની ભાવનાને થયેલો આઘાત, તે અનુભવે છે. વળી આ ભયંકર અને ઉગ્ર યુદ્ધનું કાર્ય એને સોંપવામાં આવેલું છે તે બજાવતાં કેવળ પાપ જ થવાનું છે, કશું જ શ્રેય થવાનું નથી એવી પ્રતીતિ એની બુદ્ધિને થઈ છે તે પણ એ શ્રીકૃષ્ણ આગળ મૂકે છે. એટલે અર્જુનનો તો નિશ્ચય થઈ ચૂકયો છે કે પોતાના જૂના હેતુઓ અને વિચારોનો આશ્રય લઈને તો પોતે હવે યુદ્ધ કરશે જ નહીં. આ પ્રમાણે પોતાની દલીલો, જે અર્જુનને જબરી અને ઉત્તર ન આપી શકાય એવી લાગે છે તે, મૂકીને તે શાંતિપૂર્વક શ્રીકૃષ્ણના ઉત્તરની પ્રતીક્ષા કરતો ઊભો રહે છે. અર્જુનની પ્રકૃતિના આ અહં-કેન્દ્રિત આગ્રહોને અને માગણીઓને શ્રીકૃષ્ણ સૌથી પહેલાં તો જમીનદોસ્ત કરે છે અને એમ કરીને અહંના સર્વ હેતુઓથી પર આવી રહેલા મહાન આધ્યાત્મિક નિયમની સ્થાપના માટેની ભૂમિકા તેયાર કરે છે.

શ્રીકૃષ્ણનો ઉત્તર બેવડી દિશામાં ગતિ કરે છે : એક ટૂંકો ઉત્તર અર્જુન જેમાં ઊછરેલો છે તે આર્યસંસ્કૃતિના ઊંચામાં ઊંચા આદર્શના ઉપર આધાર રાખીને આપેલો, અને બીજો વધારે વિશાળ અને ગહન આધ્યાત્મિક જ્ઞાનના ઉપર આધાર રાખનારો. એ આધ્યાત્મિક જ્ઞાન વડે જીવનના ગહન સત્યનાં દ્વાર ખૂલી જાય છે અને અહીંથી જ ગીતાના ખરા બોધનો આરંભ થાય છે. પહેલા ઉત્તરના મૂળમાં હિંદુ સમાજના પાયામાં રહેલા સામાજિક ધર્મના અને કીર્તિના તથા વેદાંત દર્શનના કેટલાક તાત્ત્વિક અને નૈતિક વિચારો રહેલા છે. અર્જુને યુદ્ધ કરવાની ના કહી તે બૌદ્ધિક અને નૈતિક દલીલોના ઉપર આધાર રાખીને. પરંતુ હકીકતમાં, એણે પોતાની અજ્ઞાની અને અશુદ્ધ લાગણીઓના તોફાનને દેખીતા તર્કવાદની ભાષાનો અંચળો જ પહેરાવેલો છે. એણે શરીરના જીવન અને મરણ વિશે એવી રીતે ઉલ્લેખ કર્યો છે કે જાણે શરીર જ માનવનું આખરી સત્ય હોય. પરંતુ ધીર અને જ્ઞાની પુરુષ શારીરિક મરણ અને જીવનમાં કોઈ એવી આખરી વાસ્તવિક્તા જોતા નથી. પોતાના મિત્રો અને સગાંઓનાં શારીરિક મરણ માટે અર્જુનને જે શોક થાય છે તે એવા પ્રકારનો છે કે તેને જીવનના સાચા જ્ઞાનનો કે આધ્યાત્મિક સત્યનો, બન્નેમાંથી કોઈનો ય આધાર નથી. જ્ઞાની પુરુષો જીવતાઓને કે મુવાઓને કોઇને ય માટે શોક કરતા નથી, કારણ કે તેઓ જાણે છે કે દુઃખ અને મૃત્યુ એ તો આત્માની પ્રગતિની યાત્રામાં કેવળ આગંતુક ઘટનાઓ છે, સ્થાયી સત્ય નથી. સાચી વસ્તુ આત્મા છે, નહિ કે શરીર. જે રાજાઓ સજ્જ થઈને કુરુક્ષેત્રના મેદાનમાં અહીં ઊભેલા છે અને



JUNE 09 Kailash Computer
2nd Proof 17-5-09
Final + 18-5-09

જેમના નજીક દેખાતા મૃત્યુ માટે અર્જુન શોક કરી રહ્યો છે તે બધા રાજાઓ ભૂતકાળમાં જીવતા હતા અને ફરી પાછા ભાવિમાં માનવદેહમાં જીવન ધારણ કરવાના છે. કારણ કે સ્થૂલ શરીરમાં જેમ બાળપણ, જુવાની અને ઘડપણની અવસ્થાઓમાં થઈને આત્મા પસાર થાય છે તેવી રીતે એક દેહમાંથી તે બીજામાં જાય છે. સ્થિર અને જ્ઞાની પુરુષ, ધીર, એટલે કે જીવનને સ્થિર દૃષ્ટિએ જોનાર પુરુષ, જે પોતાની લાગણીઓથી અને સંસ્કારોથી પોતાની જાતને ક્ષુબ્ધ થવા દેતો નથી કે અંધ થઈ જતો નથી કે આવા બહારના સ્થૂલ દેખાવથી છેતરાઈ જતો નથી. પોતાના સ્થૂલ શરીરના, કે નાડીઓના કે હૃદયના બુમરાણને તે પોતાની નિર્ણય કરનારી શક્તિ પર હુમલો કરવા દેતો નથી. અથવા તો, પોતાના જ્ઞાનનો વિરોધ કરવા દેતો નથી. શરીર અને ઇન્દ્રિયોના જીવનની દેખીતી ઘટનાઓથી પેલી તરફ, તેમનાથી પર, સાચી વાસ્તવિક્તા પ્રત્યે એ દૃષ્ટિ કરે છે અને અજ્ઞાનવશ પ્રકૃતિમાં જે લાગણીવશ અને સ્થૂલ કામનાઓ રહેલી હોય છે તેમનાથી તે ઉપર થઈ જાય છે, અને માનવ જીવનના એકમાત્ર અને સાચા ઉદ્દેશ પ્રત્યે તે ગતિ કરે છે.

એ અંતિમ વાસ્તવિક્તા કઈ છે ? જીવનનો એ ઊંચામાં ઊંચો ઉદ્દેશ કયો છે ? તે આ પ્રમાણે છે : જગતના કાળચક્રમાં જીવન અને મરણ ઘટમાળની પેઠે ફરીફરીને આવે છે અને તે એની પ્રગતિની લાંબી રેખા આંકે છે. એ ઘટનાઓનો આધાર લઈને માનવ આત્મા અમરતા પ્રાપ્ત કરવા માટે પોતાની જાતને તૈયાર કરે છે, અધિકારી બનાવે છે. એ અમૃતત્વ માટે કેવી રીતે તૈયારી કરવાની છે ? કયો માણસ એ અમૃતત્વને માટે લાયક ગણાય ? જે માણસ હું કેવળ શારીરિક જીવન છું એવા ભાવથી પર થઇ શકે તે. વળી જે માણસ જગતના બાહ્યસ્પર્શો અને માત્રાસ્પર્શોનાં પ્રથમ સ્વરૂપને, અથવા તો દેહભાવમાં બંધાયેલો માણસ સ્વીકારે છે તેવી અસરને, જેવી ને તેવી સ્વીકારતો નથી તે માણસ અમૃતત્વને માટે લાયક બને છે. એવો માણસ પોતાની જાતને તથા સૌ માનવોને આત્મા તરીકે જુએ છે અને જાણે છે. અને પોતે આત્મામાં, નહિ કે દેહમાં, જીવન ધારણ કરે છે તથા બીજાઓને પણ એ પ્રમાણે જ ગણે છે અને આત્મા તરીકે એમની સાથે વર્તે છે. અમરપણાનો અર્થ મરણ પછી જીવતાં રહેવું એવો થતો નથી, કારણ કે મનોમય ચેતનવાળા પ્રત્યેક પ્રાણીને એવી અમરતા મળી ગયેલી હોય છે; અમરતા એટલે જીવન અને મૃત્યુથી પર થઈ જવું તે. ***(ક્રમશઃ)***

**શ્રી અરવિન્દ**

(ગીતાનિબંધો પૃષ્ઠ ૬૮ થી ૭૩)



JUNE 09 Kailash Computer
2nd Proof 17-5-09
Final + 18-5-09

# વૃત્ત વિશેષ

શ્રી અરવિન્દ હોમ, ભાવનગર મુકામે ૨૯ માર્ચ ૨૦૦૯ના રોજ શ્રી અરવિન્દના દિવ્યાંશની પ્રસ્થાપનાની વર્ષગાંઠ નિમિત્તે અમદાવાદના શ્રી મકરંદભાઈ બ્રહ્માના વાર્તાલાપનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી મકરંદભાઈએ 'દૈનિક જીવનમાં અભીપ્સા' વિષય પર વિશદ રજૂઆત કરી હતી.

❀❀❀

શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, નડિયાદ મુકામે ૨૯ માર્ચ ૨૦૦૯, શ્રી અરવિન્દના દિવ્યાંશની પ્રસ્થાપનાની વર્ષગાંઠ નિમિત્તે સાંજે ૫ થી ૬ દરમિયાન શ્રી પૂજાલાલ કૃત 'શ્રી અરવિન્દ વંદના' નું વાંચન, તથા ૬-૦૦ થી ૬-૪૫ દરમિયાન શ્રી અરવિન્દ આશ્રમની વિડિયો કેસેટ દર્શાવવામાં આવી. કેન્દ્ર દ્વારા માર્ચ માસમાં ઊઁપુરિ શાખાને 'આદર્શ બાળક' પુસ્તિકાની ૨૦૦ નકલ, શાળાના વિદ્યાર્થીઓ માટે આપવામાં આવી.

૨૪ એપ્રિલ, દર્શનદિન નિમિત્તે કેન્દ્ર પર ધ્વજવંદન, ધ્યાન, પ્રાર્થના તેમજ વાર્તાલાપના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી કુલીનચંદ્ર યાજ્ઞિકે 'વ્યવહારમાં ગીતા' વિષય પર સરળ ભાષામાં વિવરણ સહિત, સુંદર રજૂઆત કરી. કેન્દ્રના સભ્યો તેમ જ નડિયાદના નગરજનોએ મોટી સંખ્યામાં હાજરી આપી કાર્યક્રમોનો લાભ લીધો. કાર્યક્રમોનું સંચાલન શ્રી રણછોડભાઈ પંચાલે કર્યું.

❀❀❀

૦૪.૦૪.૦૯ થી ૦૩.૦૪.૧૦. શ્રી અરવિન્દના પોંડિચેરી ગમનની શતાબ્દીનું વર્ષ છે. ગુજરાતના વિધવિધ કેન્દ્રો પર આ શતાબ્દીના અનુસંધાનમાં કાર્યક્રમોનાં આયોજનો કરવામાં આવ્યા.

શ્રી અરવિન્દ નિવાસ, વડોદરા મુકામે પ્રો. શ્રી શરદભાઈ જોષીએ શ્રી અરવિન્દ રચિત ગ્રંથ 'દિવ્યજીવન' પર સાત દિવસીય કાર્યક્રમમાં વિશદ રજૂઆત કરી.

શ્રી અરવિન્દ કેન્દ્ર ઈડર દ્વારા ૧૨.૦૪.૨૦૦૯ને રવિવારના રોજ એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં શ્રી જયેન્દ્રભાઈ સુથાર, ગાંધીનગર કેન્દ્રના ડૉ. તન્ના તથા વીસનગર કેન્દ્રના શ્રી મણીભાઇ પટેલ તથા નીતાબહેન પંડિતે શ્રી અરવિન્દ જીવન, દર્શન, તેમજ તેમના પોંડિચેરી ગમનની ઘટના વિશે વક્તવ્યો રજૂ કર્યાં. કેન્દ્ર દ્વારા શ્રી અરવિન્દના પોંડિચેરી ગમન

વિશે વિસ્તૃત રજૂઆત કરતી એક હજાર પત્રિકાઓ 'પ્રભુ-પ્રકાશ' નું વિતરણ પણ કરવામાં આવ્યું. કાર્યક્રમમાં ગાંધીનગર, વીસનગર ને ઈડરના સાધકો તેમજ નિમંત્રિતો હાજર રહ્યા હતા.

❋❋❋

શ્રી અરવિન્દ સોસાયટી, જામનગર શાખા દ્વારા, કેન્દ્રમાં દિવ્યાંશ પ્રસ્થાપનાની વર્ષગાંઠ (૦૪.૦૪.૨૦૦૯) નિમિત્તે તેમ જ શ્રી અરવિન્દના પોંડિચેરી ગમનની શતાબ્દી નિમિત્તે ધ્યાન, પ્રાર્થના તથા વાર્તાલાપોના કાર્યક્રમોનું આયોજન એપ્રિલ માસ દરમિયાન કરવામાં આવ્યું હતું. તા. ૨૩ એપ્રિલથી ૨૫ એપ્રિલ દરમિયાન શાખા દ્વારા શ્રી કિરીટભાઈ ઠક્કરના ત્રણ વાર્તાલાપોનું આયોજન કરવામાં આવ્યું હતું. વાર્તાલાપોના વિષયો હતા (૧) શ્રી અરવિન્દનું તત્ત્વદર્શન (૨) ગીતાનો સંદેશ : શ્રી અરવિન્દ દર્શનના પ્રકાશમાં અને (૩) ચૈત્ય પુરુષ અને પૂર્ણયોગની સાધના. વાર્તાલાપો બાદ પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ પણ થયો. જામનગરના નગરજનોએ શાખાના કાર્યક્રમોમાં ઉત્સાહ સહિત ભાગ લીધો. દરરોજ કાર્યક્રમોની શરૂઆત કેન્દ્રના સંગીતકાર શ્રી નલીનભાઈ ત્રિવેદીના ભક્તિગીતોથી થતી હતી. કાર્યક્રમોનાં આયોજનોમાં કેન્દ્રના સાધકો શ્રી જયભાઈ, બિપીનભાઈ, અજીતભાઈ વગેરેએ સૌનો સહકાર સાધ્યો.

❋❋❋

**વિજ્ઞપ્તિ :-** ભક્તકવિ શ્રી પૂજાલાલના જીવન, એમની સાધના અને સાહિત્યને આવરી લેતું એક પુસ્તક તૈયાર થઈ રહ્યું છે. પુસ્તકમાં બે પ્રકરણો - ૧) સંસ્મરણો/અનુભૂતિઓ અને ૨) પત્રજ્યોતિ - માં સાધકોના અનુભવો તેમજ શ્રી પૂજાલાલે લખેલ પત્રોનો સમાવેશ કરવામાં આવનાર છે. આ સાથે શ્રી પૂજાલાલ સાથે સંપર્કમાં આવનાર પ્રત્યેક વ્યક્તિને તથા જે લોકો શ્રી પૂજાલાલના કક્ષમાં આજ સુધી મળતાં રહ્યાં છે તેવા પ્રત્યેક સાધકને આગ્રહભરી વિનંતિ કરવામાં આવે છે કે તેઓ પોતાના સંસ્મરણો/અનુભવો વહેલી તકે લખીને શ્રી નીલકંઠ જોષી, શ્રી અરવિન્દ નિવાસ, દાંડીયાબજાર, વડોદરા - ૩૯૦ ૦૦૧ ને મોકલી આપે. સહકારની અપેક્ષા સહ.

❋❋❋

ગુજરાતનાં શ્રી અરવિન્દ કેન્દ્રોનું અર્ધ-વાર્ષિક સંમેલન શ્રી અરવિન્દ નિવાસ, વડોદરા મુકામે ૫.૦૭.૦૯ના રોજ સવારે ૧૦-૦૦ કલાકે યોજાશે. સર્વેને ભાગ લેવા માટે હાર્દિક નિમંત્રણ છે.



JUNE 09 Kailash Computer
2nd Proof 17-5-09
Final + 18-5-09

**Matter shall reveal the Spirit's face**

*Sri Aurobindo*



જે જે કોઈ શ્રી માતાજી તરફ વળેલું છે તે મારો યોગ જ કરે છે. માણસ પોતે પોતાની મેળે પૂર્ણયોગ 'કરી' શકે છે – એટલે કે પોતાના જ પ્રયત્ન દ્વારા યોગનાં સર્વ અંગોનો અમલ કરી શકે છે અને તે બધાંને સિદ્ધ કરી શકે છે એમ માનવું એ ઘણી મોટી ભૂલ છે. કોઈ પણ માનવપ્રાણી આ કરી શકે તેમ નથી. સાધકે પોતે જે કરવાનું છે તે આ કે તે પોતાની જાતને શ્રી માતાજીના હાથમાં મૂકી દે અને સેવા દ્વારા, ભક્તિ દ્વારા, અભીપ્સા દ્વારા પોતાની જાતને શ્રી માતાજી પ્રત્યે ખુલ્લી કરે. એમ થતાં શ્રી માતાજી તેનામાં પોતાના પ્રકાશ અને શક્તિ વડે કામ કરવા લાગે છે અને તે રીતે સાધના થવા લાગે છે. વળી પોતે એક મહા પૂર્ણયોગી થવું છે કે અતિમનસ વ્યક્તિ બનવું છે એવી મહત્ત્વાકાંક્ષા સેવવી તેમ જ પોતે આ સિદ્ધિ તરફ કેટલે સુધી પ્રગતિ કરી છે તે જાણવા માગવું એ ભૂલ છે. સાધક માટે ખરું વલણ તો એ છે કે તે કેવળ શ્રી માતાજી પ્રત્યે પોતાની નિષ્ઠા વાળેલી રાખે, તેમને જ સમર્પિત બની રહે તેમ જ શ્રી માતાજી તેને જે બનાવવા ઇચ્છે તે બની રહેવાની પોતે ઇચ્છા રાખે. આ સિવાયની બીજી વસ્તુઓનો નિર્ણય કરવો અને તમારામાં તે કરી આપવી એ શ્રી માતાજીનું કાર્ય છે.

શ્રી અરવિન્દ

(અંક ૦૯ : વર્ષ ૩૩)
વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦ છૂટક અંક : રૂા. ૧૫
Regd. No. VDR-E/104/2006-2008

***આત્માનો સારો યે સંકલ્પ જ્યારે પરમાત્માને પામવાને માટે કટિબદ્ધ બને છે, ત્યારે પછી તેની સામે કશું યે ટકી શકતું નથી.***

***– શ્રી અરવિન્દ***

*

શ્રી અરવિન્દ સોસાયટી, પોંડિચેરીની માસિક પત્રિકા
છૂટક અંકની કિંમત **રૂા. ૧૫-૦૦**
વાર્ષિક લવાજમ ભારતમાં **રૂા. ૧૫૦** આજીવન **રૂા. ૧૨૦૦**
વિદેશ માટે-હવાઇ માર્ગે
અમેરિકન **ડોલર ૨૫** વાર્ષિક
દરિયાઈ માર્ગે, અમેરિકન **ડોલર ૧૫**

તંત્રી : **શ્રી કિરીટકુમાર ઇન્દ્રવદન ઠક્કર**

© શ્રી અરવિન્દ આશ્રમ ટ્રસ્ટ, પોંડિચેરી-૬૦૫૦૦૨

પ્રકાશક :

**શ્રી હંસકુમાર બી. માંકડ,** અધ્યક્ષ,
શ્રી અરવિન્દ સોસાયટી, શ્રી અરવિન્દ નિવાસ,
દાંડિયા બજાર, વડોદરા. ફોન : ૨૪૧૨૬૮૫
E-mail : sas@auronivas.org
વેબસાઈટ : www.auronivas.org

મુદ્રણસ્થાન : **કૈલાસ પ્રિન્ટરી,** ડી-૧૨, સરદાર એસ્ટેટ,
આજવા રોડ, વડોદરા. ફોન નં. ૨૫૬૨૦૯૮

*